RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 309* Date: 06.09.2020 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૮ હજાર જગ્યાઓ માટેના નિમણૂંકપત્રો તાત્કાલિક આપવાના સરકારનો આદેશ

# રૂપાણી સરકાર જાગી: ૫ મહિનામાં ૨૦,૦૦૦ ભરતી કરશે

### સરકારે યુવા રોજગારલક્ષીને લઈ મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો, સરકારનો કોરોનાથી અટકેલી ભરતી પ્રક્રિયા પુનઃ શરૂ કરવા આદેશ

*ગાંધીનગર,તા.૫*

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં યુવાનોની રોજગારીને લઈને મોટી જાહેરાત કરી છે. સીએમ રૂપાણીએ ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ છે તેમનાં નિમણૂંક પત્રો આપવાની જાહેરાત કરી છે. સરકારે ૮ હજારથી વધુ નિમણૂંકપત્રો આપવાનો આદેશ કર્યો છે. આગામી ૫ મહિનામાં ૨૦,૦૦૦ ભરતી કરવાનો નિર્ણય કર્યો છે.

મળતી માહિતી મુજબ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જીપીએસસી-ગૌણ સેવા પસંદગી મંડળ-પંચાયત સેવા પસંદગી મંડળ-પોલીસ-સામાન્ય વહિવટ વિભાગ-શિક્ષણ વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં ભરતી પ્રક્રિયા અંગેના મહત્વપૂર્ણ આદેશો આપ્યાં છે.

યુવાનોને વ્યાપકપણે સરકારી નોકરીની તક મળે તે માટે મુખ્યમંત્રી રૂપાણીએ યુવા રોજગારલક્ષીને લઈ મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં તેઓએ રાજ્યમાં સરકારી નોકરીમાં ભરતી માટેની પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે તેવી તમામ જગ્યાઓ સહિત ૮ હજાર જગ્યાઓ માટેનાં નિમણૂંકપત્રો તાત્કાલિક ધોરણે આપવા અંગેનો આદેશ કર્યો છે.

એટલે કે આગામી સમયમાં રાજ્યમાં ભરતી અને નિમણૂંક પ્રક્રિયા શરૂ થશે. સરકારી વિભાગોમાં રોજગારીની નવી તકો ઉભી થશે. રાજ્યનાં વિવિધ વિભાગોમાં છેલ્લાં ૪ વર્ષોમાં સવા લાખ ભરતી કરાઈ છે. ત્યારે હવે અટકેલી સરકારી નોકરીઓની ભરતી તાત્કાલિક ધોરણે કરાશે.

આગામી ૫ મહીનામાં રાજયનાં ૨૦ હજારથી વધુ યુવાઓને સરકારી નોકરીની ઉત્તમ તક મળશે. તાજેતરમાં જ એક અહેવાલ મુજબ કેન્દ્ર સરકારમાં પણ ભરતી પ્રક્રિયા હાલમાં મોકૂફ હાલતમાં છે. એવામાં રાજયમાં આગામી ૫ મહિનામાં ૨૦,૦૦૦ યુવાનો માટે સરકારી નોકરીની નવી તકો ખુલતા ગુજરાતના અનેક યુવાનોમાં એક આશાનું કિરણ જાગ્યું છે.ઉલ્લેખનીય છે કે ભરતી પ્રક્રિયા મુદ્દે મુખ્યમંત્રી રૂપાણીએ પરીક્ષાના પરિણામોની યાદી મંગાવી હતી. સરકારી ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવા માટે રૂપાણી સરકારે કવાયત હાથ ધરી



હતી. એ માટે જીપીએસસીની ૧૦૩ પેન્ડિંગ ભરતીના પરિણામોની યાદી મેળવવામાં આવી હતી. આ મામલે ગઈ કાલે જીએસએસએસબીનાં અધ્યક્ષ અસિત વોરા સાથે મુખ્યમંત્રી રૂપાણીની અધ્યક્ષતામાં એક બેઠક પણ યોજાઈ હતી.

### ૧૦૮૯ લોકોના મૃત્યુ સાથે મૃત્યુઆંક ૭૦ હજારની નજીક

# ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૮૬,૪૩૨ પોઝિટિવ કેસ

*ન્યુ દિલ્હી,તા.૫*

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જે ગતીથી ફેલાઈ રહ્યું છે તે જોઈને લાગી રહ્યું છે કે કોરોના વાયરસના સૌથી વધારે કેસના મામલામાં આગામી થોડા જ દિવસોમાં બ્રાઝીલને પાછળ છોડીને ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ સંક્રમિતો ધરાવતો દેશ બની જશે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન અત્યાર સુધીના સૌથી વધુ ૮૬૪૩૨ કેસ નોંધાતા સંક્રમિતોનો કુલ આંકડો ૪૦૨૩૧૭૯ સુધી પહોંચી ગયો છે. જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૭.૨૩ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૦૦૭૨ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૩૧૦૭૨૨૩ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૮૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૯૫૬૧ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનિવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૮૪૬૩૯૫ એક્ટિવ કેસ છે.

દેશમાં વધતા જતા કોરોના કહેર વચ્ચે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૦ લાખ ૨૩ હજાર થઈ ગઈ છે. આ સંક્રમિતોમાંથી ૮,૪૬,૩૯૫ લોકોની હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. જ્યારે ૩૧ લાખ ૭ હજારથી વધારે લોકો કોરોનાને મ્હાત આપવામાં સફળ થયા છે. પરંતુ રાહતની વાત એ છે કે સંક્રમિત એક્ટિવ કેસોની સંખ્યાની તુલનામાં સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા ત્રણ ગણી વધારે થઈ ગઈ છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૬૬૦૮૮૨૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૭૪૩૫૯ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૨૬૬૦૮૮૨૫ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૮૦૨૬૧૨૨ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણની ગતિ ખુબ ઝડપી વધી રહી છે. ૩૦ લાખથી ૧૦ લાખ એટલે કે ૧૦ લાખનો વધારો થવામાં ૧૩ દિવસનો સમય લાગ્યો છે. તેની પહેલા ૧૦ લાખનો વધારો થવામાં ૧૬ દિવસ લાગ્યા હતા.

### ચીનને વધુ એક ઝટકો

# ITBPએ પેંગોંગ લેક પાસે વ્યુહાત્મક બ્લેક ટોપ પર જમાવ્યો કબ્જો

*ન્યુ દિલ્હી,તા.૫*

પૂર્વી લદ્દાખના પેંગોંગ તળાવના મુખ્ય શિખરો પર ભારતીય સૈન્યએ કિલેબંધી કરી દીધી છે. હવે ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ (આઈટીબીપી)ના ઓછામાં ઓછા ૩૦ જવાનોએ કેટલાક વધુ નવા અને મહત્વપૂર્ણ મોરચા પર કબ્જો મેળવીને દેશનો ઝંડો લહેરાવી દીધો છે. ITBP જવાનોએ રણનીતિક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ બ્લેક ટોપ એરિયા નજીક નવા સ્થળોએ તેમની કિલ્લેબંધી કરી છે. ભારત માટે આ કેટલી મોટી સફળતા છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે પૂર્વ લદ્દાખમાં એક્ચ્યુઅલ લાઈન ઓફ કંટ્રોલ (એલએસી) પર તૈનાત ચીની સૈનિકોની દરેક કાર્યવાહી નાનામાં નાની હિલચાલ આ ITBP જવાનોની સ્પષ્ટ નજરમાં આવતી રહેશે. આ રીતે હવે આર્મી, આઈટીબીપી અને સ્પેશિયલ ફ્રન્ટિયર ફોર્સ (એસએફએફ)ના હસ્તક હેલ્મેટ ટોપ, બ્લેક ટોપ અને યલો બમ્પ્સ જેવા વ્યુહાત્મક સ્થાનો હોવાથી આ ક્ષેત્રમાં ભારતની પકડ મજબૂત બની છે. વિગતવાર માહિતી મુજબ, ITBP જવાન ફુરચુક લા પાસ (Phuchuk La Pass)માંથી પસાર થઈને બ્લેક ટોપ પર પહોંચ્યા હતા. ફુરચુક લા પાસ ૪,૯૯૪ મીટરની ઊંચાઈ પર સ્થિત છે. હમણાં સુધી ITBP ફક્ત પેંગોંગ તળાવના ઉત્તરી કાંઠે આવેલા ફિંગર ૨ અને ફિંગર ૩ વિસ્તારોની નજીક ધાન સિંહ પોસ્ટ પર જ તહેનાત કરવામાં આવતી હતી.

ITBP આઈજી (ઓપરેશન્સ) એમ.એસ. રાવતે કહ્યું કે, 'આઈટીબીપીના ડીજીપી એસ. એસ. દેસવાલ ગત અઠવાડિયે જવાનો સાથે છ દિવસ વિતાવ્યા હતા અને એલએસી પર તેમની જવાબદારીઓ માટે તેમને સતર્ક કર્યા હતા. પ્રથમ વખત અમે આ શિખરો પર મોટી સંખ્યામાં હાજર છીએ. આઈજી રાવતે પણ ડીજીપી દેસવાલની સરહદી વિસ્તારોમાં છ દિવસ વિતાવ્યા હતા. તેમની સાથે આઈજી (પર્સનલ) દલજીત ચૌધરી અને આઈજી (લેહ) દીપમ પણ હતા.

દેસવાલે ૨૩ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન સરહદની મુલાકાત લીધી હતી અને અનેક પોસ્ટ્સની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે 'પ્રતિકૂળતામાં હિંમત દર્શાવવા બદલ' જવાનોના વખાણ કર્યા. સૈનિકોને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે સરહદ ચોકીઓ વચ્ચે આવનજવાન માટે તેમને વધારાના વાહનો પૂરા પાડવામાં આવશે. તેમણે કહ્યું હતું કે હવે રસ્તાઓ બનાવવા પર ભાર મૂકવામાં આવશે જેથી આવનજાવન માટેના ખચ્ચર પર નિર્ભરતા મર્યાદિત થઈ શકે.

ITBPએ અત્યાર સુધીમાં એલએસી ફર ૩૯થી વધુ સ્થળોએ મોરચાબંધી કરી છે. જ્યાં તેના જવાનો પગ જમાવીને તહેનાત છે.

### મોદી મારા ઘણા સારા મિત્ર છે, ભારતીય-અમેરિકન મને જરૂર મત આપશે

# ભારત-ચીન બૉર્ડર પર સ્થિતિ ખરાબ, અમે મદદ માટે તૈયાર: ટ્રમ્પ

### મોદી સારા મિત્ર, સારા વ્યક્તિ અને સારી રીતે કામ કરનારા રાજનેતા છે: ટ્રમ્પ



*ન્યુ દિલ્હી,તા.૫*

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને ચીન સીમા વિવાદને જોખમી ગણાવ્યો છે. તેમણે કહ્યું છે કે, બંને દેશો વચ્ચે સીમા પર સ્થિતિ ખૂબ ખરાબ છે અને ચીન તે વિવાદ વધારી રહ્યો છે. હું આ મુદ્દે બંને દેશોની મદદ કરવા માંગુ છું. આ મુદ્દે ભારત અને ચીન સાથે પણ વાતચીત કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન મોદીના વખાણ કરતાં ટ્રમ્પે કહ્યું- નરેન્દ્ર મોદી મારા ઘણાં સારા મિત્ર છે. તેઓ શાનદાર રીતે કામ કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મને ભારતીય મૂળના લોકોનું સંપૂર્ણ સમર્થન મળશે.

વ્હાઈટ હાઉસમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું- ભારત અને ચીન સીમા વિવાદ જોખમી સ્થિતિમાં પહોંચી ગયો છે. ચીન આ તણાવ વધારી રહ્યો છે. પરંતુ અમે ઈચ્છીએ છીએ કે આ વિવાદનો ઉકેલ આવે. હું તેમાં મદદ કરવા તૈયાર છું.

અમે બંને દેશોના સંપર્કમાં છીએ. જો આ વિવાદનો ઉકેલ લાવવા માટે અમે કઈ કરી શકીએ એમ હોઈએ તો અમે હંમેશા તૈયાર છીએ. જયારે ટ્રમ્પને એવું પુછવામાં આવ્યું કે, શું ચીન ભારતને ધમકાવે છે? ત્યારે ટ્રમ્પે કહ્યું- એવું ચોક્કસ હોઈ શકે છે.

ટ્રમ્પે વડાપ્રધાન મોદી વિશે પૂછવામાં આવેલા એક સવાલમાં કહ્યું કે, નરેન્દ્ર મોદી મારા મિત્ર છે અને તેઓ એક શાનદાર નેતા છે. તેઓ મુશ્કેલ સમયમાં પણ ખુબ સરસ રીતે કામ કરી રહ્યા છે. મોદી માત્ર નેતા જ નહીં એક સારા વ્યક્તિ પણ છે. ફેબ્રુઆરીમાં ભારત પ્રવાસનો ઉલ્લેખ કરતાં ટ્રમ્પે કહ્યું કે, તે ખૂબ સારી મુલાકાત હતી, ભારતના લોકો ખુબ સારા છે.

ટ્રમ્પે મોદીના હ્યુસ્ટન હાઉડી મોદી કાર્યક્રમના પણ વખાણ કર્યા હતા. કહ્યું હતું કે, ભારત અને વડાપ્રધાન મોદી પાસેથી અમને ઘણો સપોર્ટ મળ્યો છે. મને વિશ્વાસ છે કે, ચૂંટણીમાં ભારતી મૂળના લોકો ટ્રમ્પને જ વોટ આપશે.

### ચીની સેનાએ અરૂણાચલમાં ૫ ભારતીયોનું અપહરણ કર્યુઃ કોંગ્રેસ નેતાનો દાવો

*ઈટાનગર,તા.૫*

લદાખથી ભારત અને ચીન વચ્ચે શરૂ થયેલો સંઘર્ષ ખતમ થવાનું નામ નથી લઈ રહ્યો. લદાખ બાદ પૈંગોંગમાં ચીની સેના કબજો જમાવવાનો પ્રયાસ કરી રહ હતી. જોકે ભારતીય સેનાના જવાનોએ તેમને ત્યાંથી ભગાડી મૂક્યા હોવાના રિપોર્ટ આવ્યા હતા. ત્યારે હવે ચીનની વધુ એક નાપાક હરકત સામે આવી રહી છે. અરુણચાલ પ્રદેશમાં બોર્ડર પરથી ચીની સેના ૫ ભારતીયો નાગરિકોનું અપહરણ કરીને પોતાની સાથે લઈ ગઈ હોવાની વાત સામે આવી રહી છે. પ્રદેશના કોંગ્રેસના ધારાસભ્ય નિનોંગ એરિંગે આ ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે શનિવારે એક ટ્વીટ કરીને જણાવ્યું કે, ચીની સૈનિકોએ ૫ ભારતીયોનું અપહરણ કરી લીધું છે. તેમના આ ચોંકાવનારા દાવા બાદ ખળભળાટ મચી ગયો છે. એરિંગે જણાવ્યું કે પ્રદેશના સુબનસિરી જિલ્લાના ૫ લોકોનું કથિત રીતે PLAએ અપહરણ કર્યું છે. પાંચ મહિના પહેલા પણ આવી ઘટના બની હતી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૧૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૦૩૦૦૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૬**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૪૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૩૬૪૬**

# ૨૦૨૧માં પણ કોરોના સંકટ યથાવત રહેશેઃ એમ્સ ડાયરેક્ટર

*ન્યુ દિલ્હી,તા.૫*

ભારતમાં કોરોના મહામારીનો પ્રકોપ યથાવત છે. દેશમાં કોરોનાના કેસની કુલ સંખ્યા ૪૦ લાખને પાર કરી ગઈ છે. AIIMS પ્રમુખ ડો. રણદીપ ગુલેરિયાનું આ મહામારી પર કહેવું છે કે, ભારતમાં કોરોના વાયરસનો કહેર ૨૦૨૧માં પણ જોવા મળશે. દિલ્હી સહિત દેશના કેટલાક ભાગમાં કોરોનાની બીજી લહેર આવવાની વાત પણ કહી.

ડો. રણદીપ ગુલેરિયા કેન્દ્ર સરકારની કોવિડ-૧૯ ટાસ્ટ ફોર્સના મહત્તાવના સભ્ય પણ છે. એક અંગ્રેજી ન્યૂઝ ચેલને આપેલ ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું કે, "અમે એ નહ કહી શકીએ કે મહામારી ૨૦૨૧ સુધી નહીં આવે, પરંતુ એ જરૂરી કહી શકીએ કે ઝડપથી વધવાને બદેલ કર્વ ફ્લેટ થઈ ગયું છે. આગામી વર્ષની શરૂઆતમાં અમે એ કહેવાની સ્થિતિમાં હોવા જોઈએ કે આ મહામારી ખત્મ થઈ રહી છે."

ડો. ગુલેરિયાએ એ પણ કહ્યું કે, કોરોના કેસમાં ફરીથી ઉછાળો જોવા મળી રહ્યો છે. દેશના કેટલાક ભાગમાં કોરોનાની બીજી લહેર જેવું કંઈક દેખાઈ રહ્યું છે. કોરોના કેસમાં ઉછાળાના બે મહત્ત્વના કારણ છે. એક કોરોના ટેસ્ટિંગ વધ્યા છે અને બીજું ઘણાં લોકો નિયમોનું પાલન નથી કરી રહ્યા.

ડો. રણદીપ ગુલેરિયાએ આ વર્ષના અંત સુધીમાં રસી આવાવની આશા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, "ભારતમાં ત્રણ સ્વદેશી સહિત અનેક રસી પર કામ ચાલી રહ્યું છે. પરંતુ કોઈપણ રસી માટે સુરક્ષિત હોવાનું સૌથી મહત્ત્વનું છે. રસી બનાવવામાં હજુ કેટલાક મહિના લાગશે. પરંતુ બધું બરાબર રહ્યું તો આ વર્ષના અંત સુધીમાં રસી તૈયાર થઈ જશે.

## તંત્રી સ્થાનેથી...

# સતત ચાલી રહેલા સુશાન્તના મોતના સમાચાર મીડિયામાં ક્યારે અટકશે....?

ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યા વધતી ચાલી છે ત્યારે ભાજપા પ્રદેશ પ્રમુખની સૌરાષ્ટ્રની મુલાકાત બાદ રાજકોટ સહિતના વિસ્તારોમાં કોરોના કેસ વધી ગયા હોવાનુ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. પ્રદેશ પ્રમુખશ્રીએ પ્રથમ આકરું પગલું ભરીને ૩૮ કાર્યકરોને સસ્પેન્ડ કરી દેતા તેની અસર ભાજપામાં કાર્યકરો અને નેતાઓમાં મોટા પ્રમાણમાં થઈ છે. પ્રદેશ પ્રમુખ આર.સી પાટીલ મુખ્યમંત્રી રૂપાણી કરતાં વધુ સત્તા ધરાવતા હોય તેમ મંત્રીઓને કમલમમાં બેસાડવાનું શરૂ કરી દીધુ ત્યાર બાદ તેઓએ ગુજરાતમાં પ્રવાસનો દોર શરૂ કરી દીધો હતો કારણ કે તેઓએ દાવો કર્યો છે ગુજરાતની તમામ બેઠકો જીતવાનો. અને એ કારણે પેજ પ્રમુખ બનાવવાનો વ્યુહ અપનાવ્યો છે જે એવું કહીને જે પેજ પ્રમુખને ટિકિટ મળી શકે છે.... આ કારણે કાર્યકરોના અને નેતાઓના ટોળા કમલમ્ ખાતે પ્રદેશ પ્રમુખને મળવા દોડી આવે છે. અહીં કમલમ્ ખાતે કોરોનાની કોઈ અસર જ ન હોય તેમ કોરોના ૧૯ ના નિયમો નેવે મુકી દેવામાં આવ્યા છે..... ભલેને વડાપ્રધાન મોદીજીનું સુચન હોય કે આદેશ. સામાન્ય લોકોને કોવિડ ૧૯ નુ પાલન ન કરતા દંડ ફટકારવામાં આવે છે... પરંતુ અહીં તો ખભે ભાજપાનો ખેસ જ પુરતો છે.અહીયા તો ડિસ્ટન્સનું સત્યાનાશ કરી નાખવામાં આવ્યું છે, માસ્ક દાઢીએ લટકતા હોય કે તે પણ નથી હોતા. સરકાર પોતે જ ડિસ્ટન્સ જાળવવા પર વધુ ભાર મૂકી રહી છે પરંતુ અહીં તો ભાજપાના જ તેનું સદંતર ઉલ્લંઘન કરતા નજરે પડ્યા હતા....ખેર... તારીખ ૫ સપ્ટેમ્બર શિક્ષક દિવસ ઉજવવામાં આવ્યો. સરકાર શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ આપી સન્માન કરે છે. ત્યારે લોકોમાં એવી સવાલી ચર્ચા છે કે સરકારે રાજ્યભરમાં અનેક સરકારી-અર્ધ સરકારી શાળાઓ મર્જ કરવાના નામે તાળા ફટકારી દીધા છે અને મધ્યમવર્ગ, ગરીબ- મજૂર વર્ગના બાળકોનું શિક્ષણ છીનવી લીધું છે....! તો બીજી તરફ સરકારી અર્ધ સરકારી શાળાઓ સારું શિક્ષણ આપતી તેને બદનામ કરવાનુ વ્યવસ્થિત આયોજન ચાલી રહ્યું છે. અને ખાનગી શાળા- કોલેજો માટે સરકાર મંજૂરી આપી રહી છે. સરકારે દિલ્હી સરકારની શાળાઓનો અભ્યાસ નથી કર્યો કે જ્યાંની શાળાની મુલાકાતે વિદેશના પ્રતિનિધિઓ આવીને શાળા શિક્ષણ અને તેના આયોજનનો અભ્યાસ કરે છે. સરકારે છેલ્લા ૨૫ વર્ષમાં રાજ્યમાં એક પણ સરકારી કે અર્ધ સરકારી શાળા કોલેજ ઊભી કરી નથી... તો ખાનગી શાળા-કોલેજોની બેફામ ફી સાંભળીને મધ્યમવર્ગ, ગરીબ- મજૂર વર્ગ દૂર ભાગે છે. લોકો સવાલ કરે છે કે આ સરકારની કેવી નીતિ છે...? શિક્ષણનું વેપારીકરણ કરવાની કે પછી કોમન મેન કહેવાતા વર્ગને શિક્ષણથી વંચિત રાખવાની....?!

કોરોના મહામારીમાં દેશભરમાં મોટાભાગના ક્ષેત્રોને અન લોક ૪ જાહેર કરી છૂટછાટો આપી દીધી છે પરંતુ ચેતવણી સાથે કે કોવીડ ૧૯ ના નિયમોનું પાલન ફરજિયાત કરવાનું. બીજી તરફ ચૂંટણી પંચે બિહાર રાજ્ય સાથે જે તે રાજ્યોની ખાલી પડેલ ૬૪ બેઠકો અને લોકસભાની એક બેઠક માટેની પેટા ચૂંટણી યોજવાની તૈયારી કરી લીધી છે. અને તે માટે સરકારની પણ તૈયારી છે.જે નવેમ્બર ૨૦૨૦ સુધીમાં યોજાવાની શક્યતા છે....! ત્યારે બિહારમાં એનડીએમાં ડખ્ખા પડ્યા છે.....પાસવાનની પાર્ટીને જીવતરામને એનડીએમાં સામેલ કરતા વાંધો પડયો છે, અને અહીં દલીત સામે મહા દલીત આવી જવાની શક્યતા વધી પડતા નીતીશકુમાર અને ભાજપામાં ચિંતાના વાદળો ઘેરાયા છે.....! ત્યારે આમ પ્રજામાં સવાલી ચર્ચાઓ ફરી વળી છે કે રાજકારણમાં સત્તાપ્રાપ્તિ માટે કોરોના મહામારીમાં પ્રજાનું જે થવું હોય તે થાય.... આપણે સત્તા મેળવી લો.... અને એ કારણે ફિલ્મી સ્ટાર સુશાંતસિંહના મોતની મીડિયામાં ૮૧ દિવસથી સતત નવી-નવી કથા વાર્તા સાથે સમાચારો ચગાવાઈ રહ્યા છે. સીબીઆઈને તપાસ સોંપવા છતાં સુશાન્તના મોત બાબતે સતત સમાચારો અને ડેબિટ ચાલી રહી છે... ત્યારે આમ લોકોમાં એ સવાલ ઉઠવા પામ્યો છે કે દેશમાં ફરી વળેલ દુર્દશા ભુલાવા માટે કે લોકોનું દેશની દુર્દશા પરથી ધ્યાન હટાવવા માટે સુશાન્તના મોતનો કેસ ચગાવાઈ રહ્યો છે....? સુશાન્તના મોત બાદ લગભગ ૭૦૦૦ ખૂન અને લગભગ એટલા જ બળાત્કાર થયા તેના સમાચાર કે ડિબેટ કેમ નહીં.....? લાગે છે કે સુશાંતના મોતના સમાચાર બિહારની ચૂંટણીઓ પુરી થતા અંત સાથે પૂરા થઈ થઈ શકે.....! વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૦૬-૯-૨૦૨૦, રવિવાર, ભાદરવા વદ-૪
સૂર્યોદય-૬-૩૨, સૂર્યાસ્ત-૬-૫૮, જૈન નવકારશી-૭-૫૦,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૮-૦૫થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૫ સુધી, ૧૪-૧૮થી શુભ-૧૫-૫૧ સુધી, ૧૮-૫૮થી શુભ-અમૃત-ચલ-૨૩-૧૮ સુધી<br>- શુભ હોરા-<br>૭-૩૪ થી ૧૦-૪૧ સુધી, ૧૧-૪૩થી ૧૨-૪૫ સુધી, ૧૪-૪૯થી ૧૭-૫૫ સુધી ૧૮-૫૮થી ૧૯-૫૫ સુધી |

# ઓરિસ્સાથી ગુજરાત જઇ રહેલ બસને અકસ્માતઃ ૭ મજૂરોના મોત

રાયપુર ,તા.૫

છત્તીસગઢના રાયપુર જિલ્લામાં એક મોટા સમાચાર સામે આવ્યાં છે. જેમાં મજૂરોને લઈને ઓરિસ્સાથી ગુજરાત જઇ રહેલી બસને ભયાનક અકસ્માત નડ્યો હતો જેમાં ૭ના મોત નિપજ્યા છે.

ઓરિસ્સાથી ગુજરાત આવી રહેલી બસને નડેલા આ ભયાનક માર્ગ અકસ્માતમાં ૭ કામદારોનાં મોત નીપજ્યાં છે. જ્યારે ૫૦ થી વધુ મજૂરો ઘાયલ થયા છે. આ ગોઝારી ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. માહિતી મળતાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. બીજી બાજુ તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, અકસ્માત બાદ તમામ કામદારોને તાત્કાલિક રાયપુરની સરકારી મેકાહારા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ બસ શનિવારે સવારે ૩ઃ૩૦ વાગ્યાની આસપાસ રાયપુરના નેશનલ હાઇવે ૫૩ પર પહોંચી હતી. દરમિયાન સામેથી આવતી ટ્રક તેની સાથે જોરદાર ટકરાઈ હતી.

# ડ્રીમ પ્રોજેક્ટ થંભ્યોઃ મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વિલંબ થવાની શક્યતા

ન્યુ દિલ્હી,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સ્વપ્ન સમાન એવો મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને બ્રેક લાગી છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સમયસર કામગીરી પૂર્ણ થવામાં વિલંબ થઈ શકે છે. કોરોના મહામારીના કારણે જમીન સંપાદનનું કામ વિલંબિત થયું છે. હવે આ પ્રોજેક્ટનું કામ ડિસેમ્બર ૨૦૨૩માં પૂર્ણ થશે.




દેશની પહેલી બુલેટ ટ્રેન પરિયોજનાનું નિર્માણ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન કરી રહ્યું છે. નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશને આ પ્રોજેક્ટ માટે ૬૩ ટકા જમીનો હસ્તગત કરી લીધી છે. જેમાં ગુજરાતમાં લગભગ ૭૭ ટકા જમીન, દાદર નગર હવેલીમાં ૮૦ ટકા અને મહારાષ્ટ્રની ૨૨ ટકા જમીન છે. અધિકારીઓએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રના પાલઘર અને ગુજરાતમાં નવસારી જેવા વિસ્તારોમાં જમીન સંપાદનને લગતા કેટલાક મુદ્દાઓ હજુ પણ છે. ગયા વર્ષે કંપનીએ ૯ જાહેર કામોના ટેન્ડરો મંગાવ્યા હતા. પરંતુ જમીન વિવાદ અને કોરોનાના કારણે ખોલી શકાયા નથી. વધતા ખર્ચ અને ટેન્ડર રદ થવાને કારણે આ પ્રોજેક્ટમાં વિલંબ થઈ રહ્યો છે.

એક અંદાજ મુજબ રેલ્વે હવે આ પ્રોજેક્ટ ઓક્ટોબર ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરી શકશે. પહેલાં બુલેટ ટ્રેનના આ ડ્રીમ પ્રોજેક્ટનું કામ ડિસેમ્બર ૨૦૨૩માં પૂર્ણ થવાનું હતું. આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન પૂર્ણ થયું નથી. આ માટે આ માટે ૪૩૦ હેક્ટર જમીનની જરૂર છે, પરંતુ અત્યાર સુધી માત્ર ૧૦૦ હેક્ટર જમીન સરકારને મળી છે. બીજી તરફ, ગુજરાતમાં રાજ્ય સરકારના સહકારને લીધે જમીન સંપાદનનું કામ ઝડપથી ચાલી રહ્યું છે અને અપેક્ષા રાખવામાં આવે છે કે વર્ષના અંત સુધીમાં તેને સરકારને ૧૦૦૦ હેક્ટર જમીન મળશે. એનએચએસઆરસીએલના પ્રવક્તા કહે છે કે અત્યાર સુધીમાં તેઓને ૩૪૫ કિમી માટે જમીન મળી છે. આ આખી લાઈન ૫૦૮ કિમી લાંબી છે.

# બાંગ્લાદેશની મસ્જિદમાં મોટો વિસ્ફોટઃ ૧૪ના મોત, ૧૩ ગંભીર

)ઢાકા,તા.૫

બાંગ્લાદેશના નારાયણગંજની એક મસ્જિદ (ફતુલ્લાહ મસ્જિદ)માં મોટો વિસ્ફોટ થયો. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ચૌદ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોને ઢાકા મેડિકલ હોસ્પિટલના શેખ હસીના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બર્ન એન્ડ પ્લાસ્ટિક વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અકસ્માતમાં તેર લોકો ખૂબ જ ખરાબ રીતે દાઝી ગયા હતા, જેઓ ખૂબ ગંભીર હાલતમાં સારવાર લઈ રહ્યા છે.

ઢાક મેડિકલ કોલેજ હોસ્પિટલના શેખ હસિના નેશનલ ઈસ્ટિટ્યૂટ ઓફ બર્ન એન્ડ પ્લાસ્ટિક વિભાગના કોર્ડિનેટર ડો. સામંતા લાલ સેને આ આ દુર્ઘટનામાં થયેલા મોતની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે ઘાયલ થયેલા ૩૭ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના મસ્જિદમાં સાત એર કંડિશનરના વિસ્ફોટને કારણે બની છે.

તેમણે કહ્યું કે આજે સવારે ૯ વાગ્યા સુધીમાં ૧૪ લોકોનાં મોત થયાં છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શેખ હસીનાએ આ ઘટનામાં ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવા હોસ્પિટલના અધિકારીઓને કહ્યું હતું. સેને જણાવ્યું હતું કે ઘાયલ થયેલાઓમાંથી નવ લોકો હવે ભયથી બહાર છે.

આ અકસ્માતમાં માર્યા ગયેલા ૧૨ લોકોની ઓળખ થઈ ગઈ છે. તેમના નામ અને તેમની ઉંમર નીચે મુજબ છેઃ જવૈલ(૭ વર્ષ), રાશિદ (૩૦ વર્ષ), રિફત (૧૮ વર્ષ), મુસ્તફા કમલ (૩૪ વર્ષ), ઝુબેર (૧૮ વર્ષ), સબ્બીર (૨૧ વર્ષ), કુદુસ બેપારી (૭૨ વર્ષ), દિલવાર હુસેન (૪૮ વર્ષ), જુનેદ (૧૭ વર્ષ), હુમાયુ કબીર (૭૦ વર્ષ), ઈબ્રાહીત (૪૩ વર્ષ), જમાલ (૪૦ વર્ષ).

શુક્રવારે નારાયણગંજની ફતુલ્લાહ મસ્જિદના તમામ એરકન્ડિશનરમાં બ્લાસ્ટ થઈ ગયો હતો. જેને પરિણામે ત્યાં નમાઝ પઢવાના સમયે ૪૦ જેટલા લોકો આની ઝપેટમાં આવી જતા ઘાયલ થયા હતા. શુક્રવારે રાત્રે એકનું મોત નીપજ્યું હતું. જો કે, લોકો એક પછી એક મૃત્યુ પામતા અત્યાર સુધીમાં ૧૪ લોકોના મોત થઈ ગયા છે.

# કોરોના વાયરસઃ ટેસ્ટિંગને લઈ એમસીઆરએ બહાર પાડી નવી ગાઇડલાઇન

ન્યુ દિલ્હી,તા.૫

કંટેનમેન્ટ ઝોનમાં રહેતા તમામ લોકોને રેપિડ એન્ટીજેન ટેસ્ટિંગ (આરએટી) કીટનો ઉપયોગ કરીને ટેસ્ટિંગ કરાવવું જોઈએ, ખાસ કરીને એવા શહેરોમાં કે જે કોરોનોવાયરસના પ્રકોપથી ગંભીર રીતે અસરગ્રસ્ત છે. દેશની ટોચની તબીબી સંસ્થા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ રજૂ કરેલી નવી માર્ગદર્શિકામાં તેના પર ભાર મૂક્યો છે. ICMR એ એવી ભલામણ પણ કરી છે કે અન્ય દેશોમાં મુસાફરી કરવા માટે ટેસ્ટિંગ ઓન ડિમાન્ડ અને ભારતીય રાજ્યોની મુસાફરી કરવાના સંબંધમાં પ્રવેશ માટે પેસેન્જરને નેગેટિવ ટેસ્ટ કરવાવો ફરજીયાત બનાવી દેવો જોઈએ. તાજી સલાહ અનુસાર તેમાં એ પણ કહેવામાં આવ્યું છે કે રાજ્યો ઈચ્છે તો આ અભિગમને સુધારવા માટે પોતાના વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી શકે છે.

આઈસીએમઆરની ગાઈડલાઈન્સ 'એડવાઈઝરી ઓન કોવિડ-૧૯ સ્ટ્રેટેજી ઈન ઈન્ડિયા'ના મતે જો કોઈ વ્યક્તિમાં રેપિડ એન્ટિજેન ટેસ્ટ (RAT) નેગેટિવ આવ્યા બાદ કેટલાંક લક્ષણ મળે છે તો તેનો આરટી-પીસીઆર ટેસ્ટ થવો જોઈએ. તાજેતરના અપડેટ મુજબ કોરોનાવાયરસથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશોની યાદીમાં ભારત ત્રીજા ક્રમે છે. ભારતમાં ૪૦ લાખથી વધુ કોરોના કેસ નોંધાયા છે.

આ દિશાનિર્દેશોમાં લખ્યું છે કે કન્ટેનમેંટ ઝોનમાં રહેતા ૧૦૦ ટકા લોકોને રેપિડ એન્ટિજન ટેસ્ટ કરાવવો જોઈએ. ખાસ કરીને એવા શહેરોમાં જ્યાં કોરોનાવાયરસનો ચેપ સૌથી વધુ ફેલાય છે. ટેસ્ટના અભાવને લીધે કોઈ પણ ગર્ભવતી સ્ત્રી (ડિલિવરી સહિત)ની ઈમરજન્સી પ્રક્રિયામાં વિલંબ ના થવો જોઈએ. ટેસ્ટિંગના અભાવના લીધે ગર્ભવતી સ્ત્રીને બીજી હોસ્પિટલમાં રિફર કરવી જોઈએ નહીં.

આપને જણાવી દઈએ કે ઁઝસ્ઈ ભારતમાં તબીબી સંશોધનની રચના, સંકલન અને સંવર્ધન માટેની સર્વોચ્ચ સંસ્થા છે. જે વિશ્વની સૌથી જૂની મેડિકલ રિસર્ચ સંસ્થાઓમાંથી એક છે. નવી એડવાઈઝરીમાં આઈસીએમઆરએ પરીક્ષણ પદ્ધતિઓને સબમિટ કરવાનાં પગલાં પણ સૂચિબદ્ધ કર્યા છે. આઈસીએમઆર માર્ગદર્શિકા કહે છે કે કન્ટેનમેંટ ઝોનની નિયમિત દેખરેખ માટે એંટીજન ટેસ્ટ થવા પહેલી પ્રાથમિકતા હોવી જોઈએ. નોન કન્ટેનમેંટ ઝોન માટે આરટી-પીસીઆર ટેસ્ટ પહેલી પ્રાથમિકતા હોવી જોઈએ.

# પ્રશ્નકાળ વગર પણ સંસદમાં રોજ ૧૬૦ સવાલના જવાબ મળશે

ન્યુ દિલ્હી,તા.૫

સંસદના ચોમાસુ સત્રમાં પ્રશ્નકાળની બાદબાકીથી વિપક્ષો ભારે નારાજ છે તે વચ્ચે લોકસભા સચિવાલયે સ્પષ્ટતા કરી છે કે અતારાંકિત પ્રશ્નોના જવાબ આપવાની કાર્યવાહી તો ચાલુ જ રહેવાની છે. સંસદના ચોમાસુ સત્રમાં પ્રશ્નકાળ હટાવવાની બાબતને લઈને આજે લોકસભા સચિવાલય તરફથી એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. લોકસભા તરફથી કહેવાયું છે કે કોરોના મહામારીના કારણે પેદા થયેલી અસાધારણ પરિસ્થિતિઓના કારણે અસ્થાયી રુપથી પ્રશ્નકાળને હટાવવામાં આવ્યો છે. પ્રશ્નકાળ હટાવવાની બાબતને લઈને સરકારની સવાલો અને વિવાદોથી બચવાની કોશિશને લઈને આજે આ સ્પષ્ટતા કરવામાં આવી છે, જેમાં સરકારે કહ્યુ છે કે, પ્રતિ દિવસ ૧૬૦ અતારાંકિત પ્રશ્નોના જવાબ આપશે, આ પ્રશ્નો પર પુરક પ્રશ્ન પૂછવાની તક મળતી નથી. એવામાં સરકાર એક સપ્તાહમાં ૧૧૨૦ સવાલનો જવાબ આપશે. લોકસભા સચિવાલયના નિવેદનમાં કહેવાયું છે કે,ગૃહની ગેલેરીઓમાં પ્રશ્નકાળમાં મોટી સંખ્યામાં અધિકારીઓ હોય છે, એવામાં સોશ્યલ ડિસ્ટેંસિંગનું પાલન કરવું મુશ્કેલ થઈ જાય. એક-બે દિવસનો પ્રશ્નકાળ હોવો અને ૧૮ દિવસનો પ્રશ્નકાળ હોવો – આ બંને અલગ વાત છે. આ ફેરફાર ફક્ત ચોમાસુ સત્ર પુરતો જ છે, શિયાળું સત્ર માટે પ્રશ્નકાળ પહેલા જેવો જ રહેશે.

# યુએઈમાં ભારતીયને ૧૯.૯ કરોડનો જૅકપૉટ લાગ્યો

દુબઈ,તા.૫

યુનાઈટેડ આરબ અમિરાત (યુએઇ)માં ૩૫ વર્ષનો ભારતીય શખસ અબુ ધાબીમાં લકી ટિકિટને લગતા ડ્રૉમાં એક કરોડ દિરહામ (અંદાજે ૧૯.૯૦ કરોડ રૂપિયા)નો જૅકપૉટ જીત્યો છે, એવું યુએઇના એક જાણીતા અખબારના અહેવાલમાં જણાવાયું હતું. આ યુવાનનું નામ ગુરપ્રીત સિંહ છે. તે મૂળ પંજાબનો છે અને શારજાહમાં આઈટી મૅનેજર તરીકે કામ કરે છે. તેણે ૧૨મી ઑગસ્ટે લકી ટિકિટ (નંબર ૦૬૭૭૫૭) ખરીદી હતી. ગુરુવાર, ૩ સપ્ટેમ્બરે તેને રૅફલ ડ્રૉના આયોજકો તરફથી કૉલ આવ્યો ત્યારે તેની સાથે કોઈક મજાક થઈ રહી છે. તેણે પત્રકારને કહ્યું, 'હું બપોરે મારા કામમાં બિઝી હતો ત્યારે મને આ કૉલ આવ્યો હતો. મને તો મજાક જ લાગી હતી. બપોરે કોઈ કૉલ કરીને કહે કે તમને એક કરોડ દિરહામનું ઇનામ લાગ્યું છે તો એ માનવામાં આવે ખરું? મેં જાણ્યું કે ખરેખર મને જ જૅકપૉટ લાગ્યો છે ત્યારે મારી ખુશીની કોઈ સીમા નહોતી.'

## રેલ્વે ટ્રેનના ટાઇમ ટેબલને સંપૂર્ણ રીતે બદલશે

# રેલ્વે ૫૦૦ ટ્રેનો બંધ કરવાની તૈયારીમાં, ૧૦ હજાર સ્ટોપ બંધ થાય તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૫

ભારતીય રેલ્વે હવે ટ્રેનના ટાઈમ ટેબલને સંપૂર્ણ રીતે બદલવાની તૈયારીમાં છે. નવા ટાઈમ ટેબલને માટે રેલ્વે લગભગ ૫૦૦ ટ્રેનને બંધ કરવાની અને ૧૦ હજાર સ્ટોપને બંધ કરવાની તૈયારી કરી રહ્યું છે. આ ટાઈમ ટેબલને કોરોના વાયરસ ખતમ થયા બાદ લાગૂ કરાશે.



કોરોનામાં પહેલાંની જેમ જ ટ્રેનો ચાલુ રાખવામાં આવશે. મીડિયા રિપોર્ટમાં કહેવાયું છે કે, ટાઈમ ટેબલમાં આવેલા ફેરફાર બાદ રેલ્વેની કમાણીમાં વાર્ષિક ૧૫૦૦ કરોડ રૂપિયાનો વધારો થશે. રેલ મંત્રાલયના નિષ્કર્ષ અનુસાર ૧૫૦૦ કરોડની અનુમાનિત કમાણી વિના ભાડા અને અન્ય ચાર્જમાં વધારો કરાશે. આ ટાઈમ ટેબલ સહિત અન્ય ઓપરેશનલ પોલિસીમાં પણ ફેરફાર કરાશે.

વાર્ષિક લગભગ ૫૦ ટકાથી ઓછી ઓક્યુપેંસની ટ્રેનના નેટવર્કને સ્થાન મળશે નહીં. જરૂર પડશે તો આ ટ્રેનને અન્ય ટ્રેન સાથે મર્જ કરાશે. આ માટે જાણીતી ટ્રેનને પસંદ કરાશે.

લાંબા અંતરની ટ્રેનને ૨૦૦ કિલોમીટરથી પહેલાં કોઈ સ્ટોપ અપાશે નહીં. આ સમયે કોઈ મુખ્ય શહેર આવે છે તો ત્યાં સ્ટોપેજ હોઈ શકે છે. રેલ્વે કુલ ૧૦૦૦૦ સ્ટોપેજને બંધ કરવાની તૈયારી કરી રહી છે. દરેક પેસેન્જર ટ્રેન હબ એન્ડ સ્પોક મોડલ પર ચાલશે. ૧૦ લાખ કે તેનાથી વધુ આબાદી વાળા શહેરો હબ બનશે. આ શહેરોમાં લાંબા અંતરની ટ્રેનોનું સ્ટોપ હશે. નાના સ્ટેશનને હબથી અન્ય ટ્રેન સાથે કનેક્ટ કરાશે. આ ટાઈમટેબલ અનુસાર થશે. આ સિવાય પ્રમુખ ટૂરિસ્ટ સ્થાનોને તીર્થ સ્થળોને પણ હબનો દરજ્જો મળશે.

નવા ટાઈમ ટેબલથી મુંબઈ લોકલ જેવા સબ અર્બન નેટવર્ક્સ પ્રભાવિત નહીં થાય. નવા ટાઈમ ટેબલ રેલ્વેની પાસે મળતી રોલિંગ સ્ટોકના યુક્તિસંગત હશે. ટ્રેનમાં ૨૨ એલએચબી કોચ કે ૨૪ ઈન્ટીગ્રલ કોટ ફેક્ટ્રીના કોચ હશે.

# એસસી-એસટીમાં કોઈની હત્યા થશે તો વારસદારને નોકરી આપીશુંઃ નીતિશ કુમાર

પટણા,તા.૫

બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમારે એવી જાહેરાત કરી હતી કે દલિત કે જનજાતિની કોઇ વ્યક્તિની હત્યા થશે તો એના વારસદારને અમે સરકારી નોકરી આપીશું. બિહાર વિધાનસભાની ચૂંટણી તોળાઇ રહી હતી ત્યારે નીતિશ કુમારે દલિતોના મત મેળવવા આ લોલીપોપ ધરી હતી. પોતે કરેલા વાયદાના અમલ માટે નીતિશ કુમારે પોતાના સરકારી અધિકારીઓને તાકીદ કરી હતી કે કાયદામાં જરૂરી ફેરફાર કરો અથવા કોઇ નવો કાયદો ઘડી કાઢો.

નીતિશ કુમાર દલિત-જનજાતિ (અત્યાચાર નિવારણ ) ધારા ૧૯૯૫ અન્વયે રાજ્યકક્ષાએ સતર્કતા અને મોનિટરીંગ સમિતિની બેઠકના અધ્યક્ષપદે બોલી રહ્યા હતા. અત્રે એ યાદ રહે કે બિહારમાં દલિત નેતા જીતન રામ માંઝી એનડીએમાં જોડાઇ ગયા ત્યારબાદ કેટલાક રાજકીય પક્ષોની ઊંઘ ઊડી ગઇ હતી. ખાસ કરીને લોક જનશક્તિ પાર્ટી (લોજપ)ના ચિરાગ પાસવાન અને એના પિતા રામ વિલાસ પાસવાન એનડીએ છોડીને સ્વતંત્ર રીતે લડવાની વાતો કરતા થઇ ગયા હતા. લાલુ પ્રસાદ યાદવના રાજદ પક્ષે એવો દાવો કર્યો હતો કે માંઝીએ અમારો સાથ છોડી દીધો એની અમને ચિંતા નથી. અમારી પાસે બીજા ઘણા દલિત નેતાઓ છે.

## વાણિજ્ય-ઉદ્યોગ મંત્રાલયે વેપાર સરળતાથી કરી શકાય તેવા રાજ્યો-કે.શાસિત પ્રદેશોની રેન્કિંગ જાહેર કરી

# ઈઝ ઓફ ડુઈંબ બિઝનેસમાં આંધ્રપ્રદેશ પ્રથમઃ ગુજરાત ૧૦મા સ્થાને સરક્યું

**બીજા નંબરે ઉત્તરપ્રદેશ અને ત્રીજા સ્થાને તેલંગાણા, ગત્ રેન્કિંગમાં ત્રીજા સ્થાને રહેનાર હરિયાણા ટોપ-૧૦માંથી પણ બહાર, ગુજરાત ગત્ વર્ષની રેન્કિંગમાં પાંચમા સ્થાને હતુ**

ન્યુ દિલ્હી,તા.૫

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ કારોબાર આસાનીથી કરી શકાય હોય તેવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (યુટી) ની રેક્કિંગ જાહેર કરી છે. ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસમાં આંધ્રપ્રદેશ પ્રથમ સ્થાને જાળવી રાખ્યું છે, ઉત્તર પ્રદેશ ૧૦ પોઈન્ટ ઉછાળીને બીજા અને તેલંગાણા ત્રીજા સ્થાને છે. આપને જણાવી દઈએ કે છેલ્લે આ રેક્કિંગ ૨૦૧૮માં બહાર પાડવામાં આવી હતી. નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું કે, રેક્કિંગની આ ચોથી આવૃત્તિ છે, જે વર્ષ ૨૦૧૯ માટે બહાર પાડવામાં આવી છે. તેમણે કહ્યું કે આનાથી રાજ્યો વચ્ચે સ્વસ્થ સ્પર્ધાને વેગ મળશે. આ વખતે આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશનું પ્રદર્શન શ્રેષ્ઠ રહ્યું છે.

આજે જાહેર થયેલ ઈઝ ડુઈંગ બિઝનેસ રેક્કિંગ ૨૦૧૯ની યાદીમાં સમગ્ર દેશમાં વેપાર-ધંધાના મોરચે આગવુ સ્થાન ધરાવતુ રાજ્ય વાઈબ્રન્ટ ગુજરાત પાંચ વર્ષમાં ૫ સ્થાન નીચે ધકેલાઇ ગયુ છે. આજે જાહેર થયેલી રેક્કિંગમાં ગુજરાત ૧૦માં ક્રમે આવ્યુ છે. જ્યારે વર્ષ ૨૦૧૫માં ગુજરાત પ્રથમ સ્થાને અને વર્ષ ૨૦૧૮ની યાદીમાં ૫માં સ્થાન હતુ. પિયુષ ગોયલે સ્વામી વિવેકાનંદના નિવેદનને ટાંકીને કહ્યું કે આપણે બંધ ન થવું જોઈએ, બંધ ન કરવું જોઈએ અને સાથે મળીને સમગ્ર દેશને વેગ આપવા માટે કામ કરવું જોઈએ નહીં. પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, આસામ અને દિલ્હીને પણ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન (બીઆરપી) રેક્કિંગમાં સ્થાન આપવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ રેક્કિંગનો ઉદ્દેશ્ય સ્થાનિક અને વૈશ્વિક રોકાણકારોને આકર્ષવા માટે વ્યવસાયિક વાતાવરણમાં સુધારો લાવવા રાજ્યો વચ્ચે સ્પર્ધા રજૂ કરવાનો છે. રાજ્યની રેક્કિંગ બાંધકામ પરમિટ, મજૂર કાયદા, પર્યાવરણીય નોંધણી, માહિતીની પહોંચ, જમીનની ઉપલબ્ધતા અને એક વિંડો સિસ્ટમના આધારે માપવામાં આવે છે. બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ઈઝ ઓફ ડૂઈંગ રેક્કિંગ્સ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન હેઠળ ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (ડીપીઆઈઆઈટી) દ્વારા તૈયાર કરવામાં આવે છે. જુલાઇ, ૨૦૧૮ માં બહાર પાડવામાં આવેલા રેક્કિંગ ચાર્ટમાં આંધ્રપ્રદેશ ટોચ પર હતું. તે જ સમયે, તેલંગાણા બીજા અને હરિયાણા ત્રીજા ક્રમે હતું. વ્યવસાય કરવામાં સરળતાના મામલે મધ્યપ્રદેશ ચોથા ક્રમે છે, ઝારખંડ પાંચમાં સ્થાને છે. તે જ સમયે, છત્તીસગ છઠ્ઠા, હિમાચલ પ્રદેશ ૭માં અને રાજસ્થાન ૮માં ક્રમે છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળ આ વખતે ટોપ ૧૦માં જોડાવાની સાથે ૯મા ક્રમે છે. તે જ સમયે, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસમાં ગુજરાત ૧૦ મા ક્રમે છે. ગત વખતે ત્રીજા નંબરે રહેલી હરિયાણા આ વખતે ટોપ ૧૦ માંથી ગાયબ થઈ ગયું છે. પૂર્વી ભારતમાં સૌથી સારું પ્રદર્શન ઝારખંડનું છે. આ જ સમયે, પશ્ચિમમાં મધ્યપ્રદેશ, દક્ષિણમાં આંધ્રપ્રદેશ અને ઉત્તર-પૂર્વમાં આસામ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની દ્રષ્ટિએ શ્રેષ્ઠ રહ્યા છે.

# બાળવાર્તા નં ૯ આનંદી કાગડો..




આ વાર્તા દ્વારા કહેવાનું તાત્પર્ય એટલુંજ કે , જેમ પ્રભુએ ઘડ્યા તેમ રહીએ,ખોટું અભિમાન ન કરીએ.. જિંદગી મળી છે તો દરેકમાં આનંદ મેળવીએ

એકસવારે બધા પંખીઓનો કલરવ સંભળાતો હતો.

એક ઝાડ પર કાગડો ચુપચાપ બેઠો હતો.

બધાએ પૂછ્યું ,'' કાગડાભાઈ ,શું કામ ચુપ છો?મૌન વ્રત છે કે શું?સૂર્યોદય થયો..સૂરજદાદાની આગતાસ્વાગતા તો આપણે જ કરીએને?''

કાગડાભાઈ એ ઉત્તર આપ્યો ,''ભાઈઓ બહેનો મને આજે તમારો મીઠો કલરવ સાંભળવો હતો,ને આનંદ લેવો હતો...''

ઈર્ષાળું હંસલો બોલ્યો -

''કાલથી આપણે મૌન રહીશું''.

મીઠડી કોયલ ટહૂકી ઉઠી-

''ભગવાને બધાને જ સવારના પહોરમાં ફરજિયાત બોલવું એવો આદેશ આપ્યો છે''

ચકલીબેન ને ચકાભાઈએ એક સાથે ચીં ચીં કરતા કહ્યું -

''જુઓ બધા કેવા અમારા આગમનની રાહ જુએ ને મારો તો વિશ્વ ચકલી દિવસ પણ મનાવે.તો તમારે તમારી ફરજ બજાવવી જ જોઈએ..''

કબૂતર ને કબૂતરી એ પણ ''ગૂટર ગૂઁ ગૂટર ગૂઁ '' કરી ટાપસી પૂરાવી.

કાબરબેને તો એક ડાળ પરથી બીજી ડાળી પર ઉડી કલબલાટ કરી મૂક્યો.

પોપટને મૈના પણ ટેં ટેં કરી લાલ ચાંચ પહોળી કરી ખડખડાટ હસી પડ્યા.

બગલાભાઈ લાંબી ડોક કરી કાન સરવા કરી નીચે તળાવમાં તરી રહ્યા હતા તે પણ ''કબૂત કબૂત ''કરી ઉઠ્યા.

મોર ને ઢેલ પણ સરસ મીઠા સ્વરે ટહૂકો કરી ઉઠ્યા.પોતે તો રાષ્ટ્રીય પંખી કહેવાય તેવું અભિમાન કરીને મોર પીંછા ફેલાવી નૃત્ય કરવા લાગ્યો.

બધા મરકમરક હસતા હતા ,બધા જાણતા હતા કે કાગ વાણી કર્કશ હોય એટલે એમને શરમ આવે છે,તેથી તે ચુપચાપ છે.

કાગડાભાઈ જેનું નામ મસ્ત મૌલા ને આનંદી તેમને થયું જો

હું જવાબ નહિ આપું તો જરૂર બધા મને મૂર્ખ સમજશે.

કાગડા ભાઈએ કહ્યું,'' જુઓ મિત્રો !મને તો એમ કે તમારી મીઠી મધુર કલરવતામાં હું ક્યા કર્કશ અવાજ કાઢું, એના કરતા મધુર સંગીતમય કલરવ ના સાંભળું .

''હા પણ મને જરાય ડર નહિ કારણ જાણો છો..?''

બધા પક્ષી બોલી ઉઠ્યા,'' કેમ..?''

કાગડાભાઈ તો આનંદની કિલકારી કરી બોલ્યા,'' ન મને પારધી મારે, ન મને ખેડૂત ઉડાડે કારણ હું તો તેના ખેતરના કીડાં જો ખાઈ જાઉં ,ન મને કોઈ પીંજરે પૂરે, કોયલબેન પણ એમનાં ઈંડા મારી કાગડીના ભરોસે મૂકે.

પારધીને તો પિંજરે પુરાય એવા પક્ષી જોઈએ..મને તો કોઈ પણ ન પૂરે..લોકો કાગવાસ નાંખી શ્રાદ્ધ કરે.

વગર માંગે ખીર પૂરી મળે.માનવ મને ખવડાવે તો સમજે કે તેના પૂર્વજોને પહોંચ્યું..?''

કાગડાભાઈ તો કા કા કરી ખુશ થઈ ઉડવા લાગ્યાને બધા કાગડા મળી...કા કા નો અનેરો આનંદ લેવા લાગ્યા.

''મને તો મુક્ત આકાશે જ્યા વિહરવું હોય ત્યાં વિહરી

નદી દરિયા પાર જવાય..!

કેવી મજા ભાઈ કેવી મજા..!''

બધા પક્ષી તો કાગડાભાઈની વાત સાંભળી ચુપ જ થઈ ગયા..હવે શું બોલવું..

જયશ્રી પટેલ

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર પાટીલની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં

# હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લાની તેમજ મોડાસા ખાતે અરવલ્લી જિલ્લાની ભાજપા સંગઠનની બેઠકો યોજાઈ

**ભાજપા કાર્યકર્તાઓએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને કરેલા પ્રામાણિક પ્રયાસોના ફળસ્વરૂપે જ ૧૯૯૫થી સતત રાજ્યમાં ભાજપાની સરકાર છે અને લોકસભાની ચૂંટણીમાં સતત બે વખત આપણે તમામ ૨૬ બેઠકો જીતવામાં સફળ થયા છીએ. -શ્રી સી.આર.પાટીલ**

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર પાટીલની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લાની તેમજ મોડાસા ખાતે અરવલ્લી જિલ્લાની ભાજપા સંગઠનની બેઠક યોજાઈ.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું પુષ્પગુચ્છ આપી,તલવાર આપી, શાલ ઓઢાડી, સાફા દ્વારા તેમજ મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે તેમના અધ્યક્ષીય ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા કોઈપણ લક્ષ્યને હાંસલ કરવા માટે સક્ષમ છે. સ્થાનિક સ્વરાજ્યની, વિધાનસભાનીકે લોકસભાની કોઈ પણ ચૂંટણીમાં ભાજપાનો કાર્યકર્તા ઘરે ઘરે જઈને ભાજપાનો પ્રચાર કરીને ભાજપા તરફી વધુમાં વધુ મતદાન કરાવીને ભાજપાના ઉમેદવારનો વિજય સુનિશ્ચિત કરે છે. સંગઠિત અને સક્રિય કાર્યકર્તા ભાજપાની શક્તિ છે. ભાજપા કાર્યકર્તાઓએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને કરેલા પ્રામાણિક પ્રયાસોના ફળસ્વરૂપે જ ૧૯૯૫થી સતત રાજ્યમાં ભાજપાની સરકાર છે અને લોકસભાની ચૂંટણીમાં સતત બે વખત આપણે તમામ ૨૬ બેઠકો જીતવામાં સફળ થયા છીએ.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા મતદારયાદીના પોતનાં બુથના પેજ ઉપર પેજપ્રમુખની જવાબદારી નિભાવી વધુમાં વધુ મતો પર ભાજપનું સમર્થન મેળવવા પરિશ્રમ કરે. પેજથી બુથ પર, બુથથી મંડલ, મંડલથી જિલ્લા અને જિલ્લાથી વિસ્તારની વિધાનસભા બેઠકો પર વિજય નિશ્ચિત કરી આગામી વિધાનસભા ચૂંટણીમાં આપણે ઐતિહાસિક વિજય મેળવવામાં અવશ્ય સફળ થઈશું.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર રાજકીય કાર્યકર્તા તરીકેની જવાબદારી ઉપરાંત એક સામાજિક કાર્યકરની જવાબદારી પણ હંમેશાથી નિભાવતો આવ્યો છે. ભાજપાના દરેક કાર્યકર્તા દ્વારા કેંદ્ર તેમજ રાજ્યની ભાજપા સરકારની લોકોપયોગી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવાની તેમણે હિમાયત કરી હતી.

શ્રી પાટીલે આગામી સમયમાં આવનાર વિવિધ ચૂંટણીઓ અંગે વિવિધ મુદ્દે છણાવટ કરીને સંવાદ સેતુના માધ્યમથી પરામર્શ કરીને જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાએ આજરોજ 'શિક્ષક દિન' નિમિત્તે પૂર્વ રાષ્ટ્રપતિશ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનું સ્મરણ કરી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ૩૨ વર્ષ પછી નવી શિક્ષણનીતિ જાહેર કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. 'પરહિત સમાન નહીં ધરમાઈ- પરપીડા સમ નહીં અધમાઈ'- ચોપાઈ દ્વારા સંત શ્રી તુલસીદાસજીનું સ્મરણ કરીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બર નિમત્તે ૧૪ થી ૨૦ સપ્ટેમ્બર સુધી આયોજિત 'સેવા સપ્તાહ' કાર્યક્રમ અંતર્ગત દિવ્યાંગોને ટ્રાઈસિકલ, હિયરિંગ મશીન સહિતની સહાય, પર્યાવરણના જતન માટે દરેક બૂથમાં ઓછામાં ઓછા ૭૦ વૃક્ષોનો વૃક્ષારોપણ કાર્યક્રમ, નોન કોવિડ હોસ્પિટલમાં દર્દીઓને ફળ વિતરણ, આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા કાર્યક્રમ, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક જીવન આધારિત વર્ચ્યુઅલ વકૃતવ સ્પર્ધા સહિતના વિવિધ કાર્યક્રમોના આયોજન વિશે માર્ગદર્શન આપ્યું હતું. પરહિત જેવો બીજો કોઈ ધર્મ નથી, કોઈપણ જરૂરિયાતમંદની સેવા કરવી એ જ સૌથી મોટો ધર્મ છે.

શ્રી દલસાણીયાએ જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા રાષ્ટ્રહિતને કેન્દ્રમાં રાખી, પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીના એકાત્મ માનવતાવાદ, વસુધૈવ કુટુંબકમના ભાવથી સદાય જન જનની પડખે ઉભો રહે છે. કોંગ્રેસે હંમેશા દેશના ગરીબોનો ફક્ત વોટબેંક તરીકે જ ઉપયોગ કર્યો છે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ગરીબોને મુખ્ય પ્રવાહમાં લાવી તેમને પણ સમાન તક મળે તે પ્રમાણેની યોજનાઓ અમલી બનાવી છે. શ્રી દલસાણીયાએ વિવિધ સંગઠનાત્મક મુદ્દે છણાવટ કરીને કાર્યકર્તાઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફિયા, પૂર્વ મંત્રી અને પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી જયસિંહ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષ અને સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, સાંસદશ્રી દિપસિંહ રાઠોડ, પુર્વ મંત્રીશ્રી રમણલાલ વોરા, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડ્યા, પ્રદેશ મંત્રી અને સાબરકાંઠા જિલ્લાના પ્રભારી શ્રી પ્રદીપસિંહ વાઘેલા, પ્રદેશ મંત્રીશ્રી અને અરવલ્લી જિલ્લાના પ્રભારીશ્રી હર્ષદગીરી ગોસ્વામી, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો.ઋત્વિજભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા ભાજપા પ્રમુખશ્રી જે.ડી.પટેલ, અરવલ્લી જિલ્લા પ્રમુખશ્રી રણવીરસિંહ ડાભી, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા સંગઠનના પદાધિકારીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, ચૂંટાયેલા સભ્યો, વિવિધ ધાર્મિક સંસ્થાના પૂજ્ય સંતશ્રીઓ, વિવિધ સમાજના શ્રેષ્ઠીઓ, સામાજિક અને સહકારી ક્ષેત્રના અગ્રણીશ્રીઓ, પ્રબુદ્ધ નાગરિકો સહિત અપેક્ષિત શ્રેણીના ભાજપાના કાર્યકર્તા ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ૭ સપ્ટેમ્બરથી અમદાવાદમાં મેટ્રો ટ્રેન શરૂ, બે મુસાફરો વચ્ચે એક સીટ ખાલી રહેશે

અમદાવાદ,તા.૦૫

અનલોક ૪માં ગુજરાતભરમાં અનેક સુવિધાઓમાં છૂટછાટ મળી રહી છે. ત્યારે અમદાવાદમાં ૭ સપ્ટેમ્બર થી પુનઃ મેટ્રો સેવા શરૂ થશે. મેટ્રો ઓથોરિટી દ્વારા કોવિડ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આ સમય દરમ્યાન કોવિડ ગાઈડલાઈન અમલની ચકાસણી કરવામાં આવશે. કોવિડ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવશે. વસ્ત્રાલથી એપરલ પાર્ક રૂટ પર મેટ્રો દોડશે. સેવા શરૂ થાય તે પહેલાની કામગીરી આરંભાઈ છે. ટ્રેન, સ્ટેશન સહિતની તમામ જગ્યાએ સેનેટાઈઝેશન શરૂ કરાયું છે. ટ્રેન કોચમાં સોશ્યલ ડિસ્ટન્સિંગના સ્ટીકર પણ લગાવાઈ રહ્યા છે. આ વિશે જીએમઆરસીએલના ઈન્ચાર્જ પીઆરઓ અંકુર પાઠકે જણાવ્યું કે, ૨૫ માર્ચથી મેટ્રો સેવા બંધ કરવામાં આવી હતી. ત્યારે પાંચ મહિના સુધી મેટ્રો સેવા બંધ રહી હતી. અત્યાર સુધી મેટ્રોને રૂ.૧૬ લાખનું નુકશાન થયું છે. મેટ્રો ઓથોરિટી દ્વારા કોવિડ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. ટ્રેન અને સ્ટેશન પર પૂર્વ તૈયારીઓ શરૂ કરાઈ છે. કોચ સેનેટાઈઝેશન, સફાઈ અને સોશ્યલ ડિસ્ટન્સિંગ સ્ટ્રીકરનું ખાસ અમલીકરણ કરવામાં આવશે. આ સમય દરમ્યાન કોવિડ ગાઈડલાઈન અમલની ચકાસણી કરવામાં આવશે. કોવિડ ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવામાં આવશે. ટ્રેનમાં પણ સોશિયલ ડિસ્ટન્સનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. ટ્રેનમાં બે મુસાફરો વચ્ચે એક સીટ ખાલી રહેશે. આ સાથે જ તેઓએ કહ્યું કે, મેટ્રો સ્ટેશન ઉપર જ ક્વોરેન્ટાઈન રૂમ પણ બનાવવામાં આવ્યા છે. જેથી આવનારા મુસાફરોને તાત્કાલિક ત્યાં લઈ જવાય. તો સાથે જ જરૂર પડ્યે વધુ સારવાર માટે હોસ્પિટલમાં પણ લઈ જવાશે. આમ, મેટ્રોમાં સલામતીના તમામ પગલા લેવાશે. કોરોના કાળ બાદ અનલૉક ૪માં દેશભરની મેટ્રો ટ્રેન સેવા ૭ સપ્ટેમ્બરથી શરૂ થશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

૨ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચી

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણીમાં ૨૮ ઉમેદવારોએ ઝંપલાવ્યું

અમદાવાદ,તા.૫

ગુજરાતના ઉદ્યોગપતિઓનું પ્રતિનિધિત્વ કરતી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના મેનેજમેન્ટના હોદ્દાઓ માટેની ચૂંટણીનું ૫ સપ્ટેમ્બરેના રોજ આયોજન કરાવામાં આવ્યુ હતુ. મુખ્યત્વે આત્મનિર્ભર પેનલ અને પ્રગતિ પેનલ વચ્ચે સત્તા માટેની જંગ ખેલાઈ રહ્યી છે. આ ચૂંટણીઓ જુલાઈ મહિનામાં યોજાવાની હતી, પરંતુ કોરોના વાઈરસની મહામારીના કારણે ૫ સપ્ટેમ્બરના રોજ આયોજન કરવામાં આવી છે. ચૂંટણીઓમાં સમગ્ર ગુજરાતમાંથી મતદારો મત આપવા અહીં આવ્યા હતા, ત્યારે લગભગ ૩૦૦૦ જેટલા મતદારો આ ચૂંટણીમાં મતદાન કરે તેવી શક્યતાઓ હતી. કોરોના વાઈરસના સંક્રમણને ધ્યાનમાં રાખીને મતદાન મથકો પર સેનેટાઇઝર, માસ્ક, હાથમોજા, સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝર ટનલની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. મતદાન મેન્યુઅલી કરવામાં આવશે અને આવતીકાલે તેની મતગણતરી યોજાશે.

જેમાં બપોર સુધીમાં ચૂંટણીનું પરિણામ આવી જાય તેવી શક્યતાઓ રહેલી છે. બંને પેનલના ઉમેદવારોએ પોતાની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીઓ રદ થાય તેવી આત્મનિર્ભર પેનલ દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. તો હાઈકોર્ટમાં પણ ચૂંટણી રદ કરવા અંગે પબ્લિક ઈન્ટરેસ્ટ લીટીગેશન પણ કરવામાં આવી હતી. પરંતુ તમામ અડચણો બાદ આખરે આ ચૂંટણી યોજાઈ હતી. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના કેટલાક હોદ્દાઓ અગાઉ બિનહરિફ જાહેર થઈ ચૂક્યા છે. જ્યારે આ ચૂંટણીમાં પ્રગતિ પેનલે પોતાનો એક તરફી વિજય થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

જ્યારે આત્મનિર્ભર પેનલ દ્વારા તેમના મતદારો ગુજરાતના જુદા-જુદા ભાગોમાંથી આવતા હોવાથી તેઓ અહીં સમયસર નહીં પહોંચી શકે તેવી આશંકા વ્યક્ત કરાઈ છે અને સાથે સાથે ચૂંટણીઓમાં પ્રગતિ પેનલ દ્વારા ગેરરીતિઓ આચરાય તેવી શક્યતા પણ વ્યક્ત કરાઈ છે. ત્યારે સરકારની ઉદ્યોગ જગત માટેની નીતિઓ યોજનાઓ અને ઉદ્યોગ જગતના નિર્ણયને આવકારવો કે પછી તેની ટીકા-ટિપ્પણી વગેરેમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવે છે, ત્યારે ઉદ્યોગ જગત પ્રતિનિધિત્વ કરતી આ સંસ્થાના મહત્વને જોતા ચૂંટણીઓ માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

# સુશાંત કેસઃ ડ્રગ્સ મામલે પૂછપરછ માટે રિયાની આજે એનસીબીમાં પેશી

મુંબઈ,તા.૫

નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોની ટીમે શુક્રવારે સવારે ૬.૩૦ વાગ્યે એક સાથે રિયા ચક્રવર્તી અને સૈમ્યુઅલ મિરાન્ડાનાં ઘરે રેઈડ પાડી હતી. જે દરમિયાન રિયાનાં ઘરનાં ફર્નિચર, કબાટ અને મોબાઈલ ફોન તેમજ ગેજેટ્સની તપાસ કરી હતી. આ સાથે જ રિયા અને શૌવિકની ગાડીની પણ તપાસ થઇ હતી. આશરે ૩.૩૦ કલાક ચાલેલી કાર્યવાહી બાદ એનસીબીની ટીમે શૌવિક અને મિરાંડાને તેમની સાથે પૂછપરછમાં લઇ ગયા હતાં. કહેવાય છે કે આ પૂછપરછમાં બંનેએ ઘણાં ખુલાસા કર્યા છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, એનસીબીની સામે શૌવિકે સ્વીકારી લીધુ છે કે, તે રિયા માટે ડ્રગ્સ લાવતો હતો. તો બીજી તરફ આ મામલે પકડાઇ ગયેલાં એક ડ્રગ પેડલર બસિતે પણ પહેલાં આ વાત કરી હતી. તેણે કહ્યું હતુ કે, તે શૌવિકનાં ઘરે આવતો જતો હતો અને તેનાં માટે ડ્રગ્સ લાવતો હતો. શૌવિક અને બસિતની મુલાકાત એક ફૂટબોલ ક્લબમાં થઇ હતી. જે બાદ બંને વચ્ચે બોલિવૂડની પાર્ટીઓમાં ડ્રગ્સ પહોંચાડવા માટે ડિલ કરતાં હતાં. એનસીબીએ મુંબઇની એક કોર્ટમાં જણાવ્યું હતુ કે, સુશાંતની મોત મામલે ડ્રગ્સ કનેક્શનમાં ધરપકડમાં બાસિતે કહ્યું કે, તે શૌવિકનાં કહેવાં પર ડ્રગ્સ ખરીદતો હતો. એનસીબીનાં ડેપ્યુટી ડિરેક્ટર કેપીએસ મલ્હોત્રાએ કહ્યું કે, અત્યાર સુધી આ કેસમાં કોઇનાં વિરુદ્ધમાં કોઇ જ સમન્સ બજાવવામાં આવ્યાં નથી. જે પણ આ કેસનાં તપાસનાં દાયરામાં છે, તેમની તપાસ હાલમાં ચાલૂ છે. નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરો સુશાંતનાં મોત સાથે જોડાયેલાં માદક પદાર્થ મામલે ઘણી આંતરરાષ્ટ્રીય અને આંતરરાજકીય કડી હોવાની સ્થિતિની શોધમાં છે.

એક અધિકારીએ શનિવારે આ વાત કરી હતી. અને શનિવારે જ આ અંગે જણાવ્યું કે, આ મામલે એક મોટી માછલીની શોધમાં છે. એનસીબી સુશાંતની મોત મામલે માદક પદાર્થવાળા એંગલથી એનડીપીએસ કાયદાની ક્રિમિનલ કલમો હેઠળ તપાસ કરી રહી છે. ઈડીએ આ મામલે તેમની સાથે એક રિપોર્ટ પણ શેર કરી હતી. સુશાંતની પ્રેમિકા રિયા આ કેસમાં મુખ્ય આરોપી છે. કૈઝાન ઈબ્રાહિમનાં વકિલ અને એનસીબીની ટીમ વચ્ચે વિવાદનો એક વીડિયો સામે આવ્યો છે. કૈઝાન ઈબ્રાહિમને મુંબઇની એક કોર્ટે ૧૪ દિવસનાં ન્યાયિક અટકાયતમાં મોકલી દીધા છે.

# ભારતીય સ્ત્રીઓ કદરૂપી હોય છે, કોણ જાણે શી રીતે બાળકો પેદા કરે છેઃ નિક્સન

*વૉશિંગ્ટન,તા.૫*

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ રિચર્ડ નિક્સને ભારતીય મહિલાઓ વિશે કરેલી એક ભદ્દી ટકોરની ટેપ બહાર આવતાં ખળભળાટ મચી ગયો હતો. આ ટેપમાં નિક્સન એવું કહેતાં સાંભળી શકાતું હતું કે ભારતીય સ્ત્રીઓ એકદમ કદરૂપી હોય છે. કોણ જાણે કેવી રીતે બાળકો પેદા કરે છે. ૧૯૭૧માં ભારત પાકિસ્તાન યુદ્ધ વખતે ભારતને ડરાવવા અમેરિકાએ બંગાળના અખાતમાં અમેરિકી યુદ્ધનૌકાઓ મોકલી હતી. જો કે ત્યારના વડા પ્રધાન ઈંદિરા ગાંધી અમેરિકાના આવા પગલાથી જરાય ડર્યા નહોતાં. તેમની આગેવાની હેઠળ ભારતીય લશ્કરે પૂર્વ પાકિસ્તાનને પાકિસ્તાનથી અલગ કરી દીધું હતું અને બાંગ્લા દેશનો જન્મ થયો હતો.

અમેરિકાના આર્કાઈવલ ડેટાની કેટલીક વિગતો પ્રિન્સટનના કેળવણીકાર ગેરી વાઝને મળી હતી. એમાં બહાર આવેલી આ ટેપમાં પ્રમુખ રિચર્ડ નિક્સન કહે છે કે દુનિયામાં સૌથી કદરૂપી મહિલાઓ ભારતમાં જોવા મળતી હતી. વ્હાઈટ હાઉસમાં એક બેઠક દરમિયાન નિક્સને કહ્યું હતું કે ભારતની મહિલાઓ અનહદ દયામણી હતી અને પુરુષો રિપલ્સીવ (અરુચિકર ) હતા.

આ વાત વ્હાઈટ હાઉસમાં ૧૯૭૧ના જૂનમાં થઇ ત્યારે રિચર્ડ નિક્સન ઉપરાંત આ બેઠકમાં ત્યારના અમેરિકી વિદેશ પ્રધાન હેનરી કિસિંજર અને અમેરિકી ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ એચ આર હોલ્ડમેન પણ હાજર હતા.

રિચર્ડ નિક્સન પ્રેસિડેન્શ્યલ લાયબ્રેરી એન્ડ મ્યુઝિયમમાં રહેલા આ ડેટાને ડિક્લાસીફાય કરાવવા માટે વાઝે કાનૂની નિષ્ણાતોની મદદ લીધી હતી. ત્યારબાદ વાઝે આ ટેપ મેળવી હતી.

# દાંતા તાલુકામા ભૂમાફિયા બન્યા બેફામ,કાયદાની કરી રહ્યા છે ઐસી કી તૈસી



અંબાજી બનાસકાંઠાના દાંતા તાલુકામાં ભુમાફિયા બન્યા બેફામ.. ખુલ્લેઆમ કરી રહ્યા છે રેતી ખનન.. પહાડી અને અંતરિયાળ વિસ્તાર હોઈ આ વિસ્તારમાં થાય છે ખનીજ ચોરી. દાંતા તાલુકામાં ઠેર-ઠેર નદીકાંઠે થઈ રહી છે રોયલ્ટીની ચોરી.

નદીકાંઠે રોયલ્ટી ચોરીની ઘટનાઓ કેમેરામાં કેદ થવા પામી. ભુમાફિયાઓની સાથે મોટા મોટા અધિકારીઓ સંડોવાયેલા હોવાની ચાલી રહી છે લોક ચર્ચાઓ. જેસીબી અને ટેકટર દ્વારા ખુલ્લેઆમ થઈ રહી છે રોયલ્ટીની ચોરી. રોયલ્ટી વિભાગ દ્વારા આ વિસ્તારના ગેરકાયદેસર ધંધા કરતા લોકોના ટ્રેકટર અને જેસીબી જપ્ત કરીને દંડ અને સજા ફટકારવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી.અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

# સાહિત્ય સરિતા

**માતા શબ્દ**

હે માતા શબ્દ શોધનાર
કોણ એવો વીરલો હશે
જેના રદયમાં સ્નેહ સરિતા
સતત વહેતી હશે
માતા ભુલાવે દુખને
ભલેને મોટો ડુંગર હોય
માતા વિહોણા બાળક તણું
જિવન નિરસ વ્યર્થ ગણાય
હે જો ભાગ્યની વક્રતા આવે
ને પિતા જો સ્વર્ગ સિધાવે
માતા કાળી મજુરી કરી
નિજ સંતાનનું પોષણ કરે
પણ જો એથી વિપરીત થાય
બાપ જોગી કે ભોગી બને
ને બાળ બિચારા ભીખ માગે
બાપ ભલે હોય પ્રેમાળ દિલનો
મજબૂરી એને નવોઢાની સતાવે
એથી જ સદા ઉચ્ચ ગણ્યું છે
માતા તણા પવિત્ર વાત્સલ્યને
"મન"ના પ્રણામ મારી મા ને
૦૪-૦૯-૨૦૨૦?

---

**-- કોના વાંકે**

માત પિતા માટે દિકરો કે દિકરી
ના કોઇ ભેદભાવ દિલમાં જરી
આપવા રહ્યા સંસ્કાર હેતે કરી
દિકરો કુંવારો રહે વિનયથી
માબાપને વૃધ્ધાશ્રમ ના વિચારે
લગ્ન પછી જ કેમ આમ થાયે ?
આમાં ભુલ માબાપની જણાયે
બનતું રહે આમ સંસ્કાર અભાવે
દિકરીને દેવી શિખામણ માતાએ
સાસુ સસરાને માબાપ માનવા
ના રાખવો દિલમાં દ્વેશ જરાયે
સાસુ સસરા પુત્રવધુને દિકરી સમ જ માને
પુત્રવધુ ને કૂળવધુ ગૃહલક્ષ્મી
જ માની ને અપનાવે
પરિવારમાં સ્નેહ સમર્પણ જાગશે
દિકરાની સૂડી વચ્ચે સોપારી જેવી
મજબૂરી દૂર જ થાશે
રહે પરિવાર હળીમળી પ્રેમથી
જિવન સ્વર્ગથી સુંદર થાયે
"મન" કેનેડા
૦૫-૦૯-૨૦૨૦

શિક્ષક દિન-પાંચમી સપ્ટેમ્બર

# ગુજરાતના ૪૪ શ્રેષ્ઠ શિક્ષકો-ગુરૂવર્યોનું રાજ્ય એવોર્ડથી રાજ્યપાલશ્રી-મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં સન્માન-ગૌરવ કર્યુ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતીમાં શિક્ષક દિન અવસરે રાજ્યના ૪૪ શિક્ષકો-ગુરૂવર્યોનું તેમની શ્રેષ્ઠતા-ઉત્કૃષ્ટતા માટે રાજ્ય સન્માન શિક્ષક એવોર્ડથી ગાંધીનગરમાં કર્યુ હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ રાજ્યપારિતોષિક વિજેતા ૪૪ શ્રેષ્ઠ શિક્ષકોને શોલ-સ્મૃતિચન્હ અને પ્રશસ્તિ પત્રથી સન્માનિત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકોને સમાજની ભાવિ પેઢીના અને શિક્ષીત-દિક્ષીત સમાજના નિર્માતા તરીકે નવાજતાં કહ્યું કે, આજે જ્યારે સૌ કોઇ પહેલાં પોતાની કેરિયર-કારકીર્દીનો વિચાર કરતા હોય છે ત્યારે શિક્ષક સમુદાય સ્વ નો નહિ, સમષ્ટિનો વિચાર કરીને શિક્ષા-દિક્ષાથી સુસજ્જ ભાવિ પેઢીના નિર્માણના નોબેલ પ્રોફેશનની ગરિમા વધારે છે.

-: રાજ્યપાલશ્રી :-

ગુજરાતનાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે શિક્ષક દિને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા શિક્ષકોને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, વ્યક્તિના ઘડતરમાં શિક્ષકોની ભૂમિકા અતિ મહત્ત્વની છે. તેમણે જણાવ્યું હતું કે શિક્ષકો વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ દ્વારા જ્ઞાન-સંપન્ન, સંસ્કારવાન નાગરિકોનું નિર્માણ કરે છે.

રાષ્ટ્રનું નિર્માણ મહેલો કે ઈમારતો બાંધવાથી નહીં, પરંતુ શાળાના વર્ગખંડમાં અપાતાં માનવતાલક્ષી અને સંસ્કારલક્ષી શિક્ષણથી થાય છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, જો શિક્ષક પ્રમાણિકતાથી પોતાના લક્ષ્યની સિદ્ધિ માટે પુરુષાર્થ કરે તો બાળકના જીવનમાં સો ટકા પરિવર્તન લાવી શકે છે.

શિક્ષકના કાર્ય સાથે જ જ્ઞાન સાધના, સંસ્કાર અને સંસ્કૃતિનો વૈભવ સંકળાયેલા છે. રાજ્યપાલશ્રીએ માતા-પિતા બાદ ગુરુજનોનું સ્થાન કોઈપણ માનવીના જીવનમાં શ્રેષ્ઠ છે, તેમ જણાવી આ ઈશ્વરીય કાર્ય માટે અથાગ પુરૂષાર્થ કરવા શિક્ષકોને આહ્વાન કર્યું હતું.

નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિ-૨૦૨૦ સંદર્ભે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થી અત્યાધુનિક ટેકનોલોજી સાથે જ્ઞાન સંપન્ન અને કૌશલવાન બને અને મૂળ સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે તેનુ ચિંતન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલી નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિમાં કરાયું છે.

તેમણે શિક્ષકોને જ નવી શિક્ષણ નીતિ ની સફળતાના વાહક ગણાવ્યા હતા અને નવી શિક્ષણનીતિના સફળ અમલીકરણ માટે શિક્ષકોને સજ્જ બનવા અનુરોધ પણ કર્યો હતો.

-: મુખ્યમંત્રીશ્રી :-

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ભવિષ્યના ભારતના રોલ મોડેલ તરીકે ગુજરાત અગ્રેસર રહે અને નૈતિક મૂલ્યો, માનવીય મૂલ્યોના આધારે શિક્ષા-દિક્ષા વિકસાવીને રાષ્ટ્રનિર્માણ, વસુધાના કલ્યાણના ગુણો ભાવિ પેઢીમાં કેળવવા શિક્ષકોને પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકો ભાવિ પેઢીને વિશ્વના પડકારો ઝિલવા સક્ષમ બનાવે છે તેની ભૂમિકા આપતાં કહ્યું કે, ખાસ કરીને પ્રાથમિક શાળાના બાળકોના ઘડતરનું ઉત્તમ સેવાકાર્ય શિક્ષકોને સમાજમાં ઊંચું સ્થાન અપાવે છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, રાજ્યની સરકારી શાળાઓમાં પ્રાથમિક શિક્ષણનું દાયિત્વ કરી રહેલા શિક્ષકો ગરીબ, શ્રમિક, ખેડૂતના બાળકનું સર્વાંગી ઘડતર કરીને તેને શિક્ષા-દિક્ષાના આયુધથી સજ્જ કરે છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ખાનગી શાળાઓમાં ભણતા-અભ્યાસ કરતા સંપન્ન વર્ગના બાળકોને શિક્ષણ આપવામાં જે સરળતા રહે છે તે આવા શ્રમિક-ગરીબ-ખેડૂતના સરકારી શાળામાં ભણતા બાળકને આપવામાં ન હોવા છતાં સરકારી શાળાના શિક્ષકોએ આ સેવા કાર્યને હોંશભેર ઉપાડી લીધું છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં સરકારી શાળાઓ ખાનગી શાળાથી બહેતર બની છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરતાં જણાવ્યું કે હવે ખાનગી શાળામાંથી સરકારી શાળામાં એડમિશનની રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૪ વર્ષમાં ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ, જ્ઞાનકુંજ પ્રોજેકટની સફળતામાં શિક્ષકોના પ્રદાન તેમજ ઓનલાઇન એટેન્ડસ જેવા આયામોથી ડ્રાસ્ટીકચેન્જ શિક્ષણ વ્યવસ્થામાં આવ્યો છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે ઉમેર્યુ કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આત્મનિર્ભર ભારત-નયા ભારતના નિર્માણની નેમ સાથે નવી શિક્ષણ નીતિ જાહેર કરેલી છે ત્યારે એ નીતિનો પ્રથમ અમલ કરવામાં ગુજરાત લીડ લે તે માટે રાજ્યના શિક્ષકોની વિશેષ જવાબદારી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ શિક્ષણ નીતિમાં શિક્ષકની સજ્જતાને પણ અહેમિયત આપવામાં આવી છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, સમર્થ શિક્ષકોના યોગદાનથી સમર્થ રાષ્ટ્ર-સમર્થ રાજ્ય બનાવવાની આપણી નેમ છે. રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મેળવનારા શિક્ષકોને બિરદાવીને અભિનંદન આપતા કહ્યું કે, ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આપી છે ત્યારે આપણે સૌએ નવી જવાબદારી સાથે આગળ વધવાનું છે. સમાજ પણ આપણને અલગ નજરથી જોઈને આપણી અપેક્ષાઓમાં બદલાવ સાથે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા આશા રાખી રહ્યો છે તે આપણે સૂપેરે પરિપૂર્ણ કરવાની છે.

શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીએ દિલ્હી ખાતેની વિવિધ રાજ્યોના શિક્ષણ મંત્રીઓની બેઠકમાં કહ્યું કે, આ નીતિ એ કોઈ પક્ષની નહીં, પણ ભારતની નીતિ છે એટલે જ એને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તરીકે જાહેર કરી છે. નવી શિક્ષણ નીતિના ગઠન માટે ૨.૫ લાખથી વધુ લોકોના અભિપ્રાયો પછી ચાર વર્ષની જહેમત બાદ આ નીતિને એક મહાયજ્ઞ તરીકે જાહેર કરી છે. એમાં આપણે સૌએ સઘન પ્રયાસો કરીને તેને સંપૂર્ણ સમજ સાથે આગળ વધવાનું છે.

શ્રી ચુડાસમાએ નવી શિક્ષણ નીતિ માટે દેશમાં સૌ પ્રથમવાર ગુજરાતે સ્થાનિક ભાષામાં નીતિનું ભાષાંતર કરીને ઈ ગાંધીનગર દ્વારા જે પ્રયાસ કર્યો છે તેને બિરદાવીને યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર ડૉ. હર્ષદ પટેલને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ વર્તમાન કોરોના કાળમાં પણ શિક્ષણ વિભાગે વર્ચ્યુઅલ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડ્યું છે એમાં આપનો સહયોગ વ્યાપક રહ્યો છે એ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી વિભાવરીબેન દવે, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્મા, પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી એમ. આઈ. જોશી સહિત એવોર્ડી શિક્ષકો અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગેં ઈ ગાંધીનગર દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું ગુજરાતીમાં અનુવાદ કરાયેલ પુસ્તિકાનું મહાનુભાવોના હસ્તે વિમોચન કરાયું હતું.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સચિવ શ્રી ડૉ. વિનોદ રાવે આભારવિધિ કરી હતી.

સી.એમ.-પીઆરઓ/ રાજ્યપાલના પ્રેસ સચિવ/દિલીપ ગજ્જર/અરૂણ

ક્રિએટિકા - થિયેટર હબ દ્વારા

# સિદ્ધપુરના યુવા કલાકારોને પ્રોત્સાહિત કરવા માટે 'ઉડાન' નામે વેબીનાર યોજાયો




કોરોના મહામારી અને સોશિયલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખી ક્રિએટિકા - થિયેટર હબ દ્વારા ૧ થી ૪ સપ્ટેમ્બર દરમિયાન ×ઉડાન - સિદ્ધપુરના યુવા કલાકારોની રંગયાત્રા× નામે વેબીનાર યોજાયો. આ કાર્યક્રમમાં સિદ્ધપુરના અભિનય, સંગીત, નૃત્ય, ચિત્ર અને સાહિત્ય ક્ષેત્રે કામ કરનારા યંગ પ્રેક્ટિસનર જેમાં દ્વારકેશ જોશી(ચિત્રકલા), નિલેશ હરવાણી(આર્ટ ૠ ક્રાફટ), ધ્રુમીલ જાની(લેખન), મૈત્રી શાહ(ભરતનાટ્યમ), હેત ચૌહાણ(સંગીત), દેવર્શી પાધ્યા(સંગીત), મનન મેવાડા(ડાન્સ), ચિંતન પ્રજાપતિ(અભિનય), ઉધ્ધવ વ્યાસ(અભિનય) તથા દિપ શુક્લ(લેખન) અને તેમની સાથે સંવાદ કરવા માટે એક્સપર્ટ શ્રી પ્રકાશ કાપડિયા, શ્રી ચિરાગ પાધ્યા, શ્રી અકબર મોમીન , શ્રી જયોતીન્દ્ર ભટ્ટને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું ઉદઘાટન જીજ્ઞાબેન દવે દ્વારા કરવામાં આવ્યું હતું અને સમાપન સમારોહ ડૉ. આશિષ ઠાકર દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ટેકનિકલ ટીમમાં ઉધ્ધવ વ્યાસ, દેવર્શી પાધ્યા, પાર્થ ઠાકર, મનન મેવાડા અને ક્રિષ્ના પંડ્યા એ કામ કર્યું હતું.

આ કાર્યક્રમ સિદ્ધપુરના યુવા કલાકારો વચ્ચે સંવાદ કરી, તેઓ એકબીજાના કામને જાણે, કલા અને સમાજ અંગેના એકબીજાના વિચારોને સમજે, વિચારો અને જ્ઞાનનું આદન - પ્રદાન કરે અને આવનારા વર્ષોમાં બધા સાથે મળીને કામ કરે તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી સિદ્ધપુર કલા અને સાહિત્ય ક્ષેત્રે વધુ સમૃદ્ધ થાય અને રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ પોતાની એક આગવી ઓળખ ઉભી કરી શકે.

આ સંપુર્ણ કાર્યક્રમનું આયોજન ક્રિએટિકા- થિયેટર હબના યાજ્ઞિક ચૌહાણ તથા પુનમ મેવાડા દ્વારા કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ ક્રિએટિકા -થિયેટર હબના ફેસબુક પેજ થકી તા. ૧ થી ૪ સપ્ટેમ્બર સુધી સાંજે ૬:૦૦ થી ૭:૦૦ દરમિયાન હજારો લોકોએ નિહાળ્યો હતો.

વેરાવળ ના રહેણાંક વિસ્તારમાં કોવિડ હોસ્પિટલ ચાલુ કરવા સામે વિરોધ

# વેરાવળના રહેણાંક વિસ્તારમાં કોવિડ હોસ્પિટલ ને મંજૂરી ના આપવાની માંગણી

આથી વેરાવળ ની સર્વે જનતા ને જાણ કરવામાં આવે છે કે વેરાવળ શહેર મા છેલ્લા અઠવાડિયા થી જે એક મોટો ચર્ચા નો વિષય બની ગઈ છે એ વાત કે વેરાવળ મા એક રહેણાંક વિસ્તારમાં કોરોના હોસ્પિટલચાલુ થવા જઈ રહી છે તેને મંજૂરી ના આપવાની માંગણી સાથે ત્યાંના સ્થાનિકો એ જે વિરોધ ઉપાડ્યો છે તેના સંદર્ભ મા..

ડો. અતુલ ચગ અને સરકારી તંત્ર ને રૂબરૂ રજૂઆત કરવા ગયેલ અને તે રજૂઆત ના જવાબ મા ત્યાંના સ્થાનિકો ને કહેવામાં આવેલ કે તમે બીજી કોઈ જગ્યાઓ ભાડે રાખવા બતાવો તો હું તમારા રહેણાંક વિસ્તાર સામેની બિલ્ડીંગ મા હું બીજા દિવસથી કામ બંધ કરી અને ત્યાં ક્ષ્દૃિંદ્ઘ-૧૯ હોસ્પિટલ નહીં બનાવું..

ખરેખર આ covid-19 હોસ્પિટલ માટે બીજી જગ્યા બતાવી એ ત્યાંના સ્થાનિક ની જવાબદારી નથી છતા પ્રાઈવેટ ડોકટર તથા તંત્ર ની જાણ માટે કે નીચે મુજબ ની હોટલો ભાડે રાખી શકે છે.

વેરાવળ શહેર મા ગીચ વિસ્તાર થી બહાર ખાલી પડેલી હોટલ ની યાદી નીચે મુજબ છે

૧) હોટલ હેરિટેજ
૨) હોટલ દક્ષ
૩) હોટલ પાર્ક
૪) હોટલ એસટોરિયા
૫) હોટલ રિજન્સી - ૧.૫ વર્ષ થી બંધ છે
૬) હોટલ કૃતી
૭) હોટલ સોમનાથ ગેટવે
૮) હોટલ સનપ્લાઝા
૯) હોટલ સુરભિ
૧૦) હોટલ ફર્ન
૧૧) હોટલ લોર્ડઝ
૧૨) હોટલ સુખ સાગર
૧૩) હોટલ શુભ સુવિધા

આ સિવાય ગવર્મેન્ટ ફિશઝે કોલેજ જૂનું બિલ્ડીંગ બિરલા મંદિર પાસે ખાલી છે..

સોમનાથ બાયપાસ ઉપર બીજી નાની મોટી અનેક હોટલ આવેલ છે, અને આ ઉપરાંત પણ ગવર્મેન્ટ ના બનાવેલ કોમ્યુનિટી હોલ તથા જ્ઞાતિ ની વાડી, જે રેસિડેન્ટ એરિયા થી બહાર હોય તેવી જગ્યા ભાડે રાખી covid-19 ના દર્દીઓ ની સારવાર કરી શકાય. જેથી વેરાવળ ની રહેવાસી જનતા ની સ્વાસ્થય સાથે છેડા કરવા જેવા કૃત થી દૂર કરી શકાય..

વેરાવળ ની જનતા ને અપીલ છે કે ઉપર મુજબ ની યાદી સિવાય બીજી કોઈ અન્ય જગ્યા ની કોઈને ખબર હોય તો ચોક્કસ પણે અમારા વિસ્તાર મા કોઈ પણ ને જાણ કરવા વિનંતી.. આ સાથે ખુલ્લો પ્લોટ કે જયા રહેણાંક ના હોય તે વેરાવળ નગરપાલિકા પાસે થી તંત્ર તેની યાદી લઈ અને ત્યાં covid-19 ના પેશન્ટ ની સારવાર કરે..

# જાયન્ટ્સ મોડાસા દ્વારા શિક્ષકદિન નિમિતે સન્માન અને વૃક્ષારોપણ કરી ઉજવવામા આવી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



પાંચ સપ્ટેમ્બર એટલે શિક્ષક દિવસ આ દિવસે ગુરુનું સન્માન કરવુ શિક્ષકોનું સન્માન કરવું આપણી નૈતિક ફરજ બને છે આજે મોડાસા ખાતે જાયન્ટ્સ મોડાસા દ્વારા વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા શિક્ષકો જે રાષ્ટ્ના નિર્માણ માટે ભાવિ નાગરિકોનું ઘડતર કરે છે સાથે સમાજનું ઘડતર કરે છે તેમજ વર્તમાન પરિસ્થિતિમાં કોરોનાની મહામારી સમયે શિક્ષણથી વંચિત ન રહી જાય આવા દિવસો મા પાઠ્ય પુસ્તક ના ચેપ્ટર ની વિડિયો બનાવી ઑહ્લી દ્વારા હોમલૅનિગ થી શિક્ષણકાર્ય ને સતત ધબકતું રાખ્યું છે શિક્ષણને ધબકતું રાખનાર શિક્ષકોનું મોડાસા ખાતે સન્માન કાર્યક્રમ યોજાયો હતો સાથે સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ મોડાસા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ શિક્ષકોને આવરી લેવામાં આવ્યા આ પ્રસંગે મોડાસા કેળવણી મંડળ ના પ્રમુખ બિપિન શાહ સરસ્વતી બાલમંદિર કેળવણી મંડળના પ્રમુખ તેમજ જાયન્ટ્સ ગ્રુપ ફાઉન્ડેશન ના વાઈસ ચૅરમેન નિલેશ જોશી જાયન્ટ્સ મોડાસાના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ જાયન્ટ્સ મોડાસા મંત્રી પ્રવીણ પરમાર સર્વોદય હાઈસ્કુલના પ્રિન્સીપાલ રાકેશ મહેતા ખોડલ ટ્રસ્ટના મહિયાપુર પ્રમુખ દક્ષેશભાઈ મોડાસા ઘાંચી હાઈસ્કૂલના કેળવણી મંડળના પ્રમુખ રાજાબાબુ,અમિત કવિ તેમજ સ્કૂલ ઈન્સ્પેક્ટર ધર્મેન્દ્ર ત્રિવેદી અને વિવિધ શાળામાંથી શિક્ષકો તથા સભ્ય હાજર રહ્યા હતા

કેશોદ માતરવાણીયા લોકલ એસટી બસ શરૂ કરવા ઉઠી માંગ.

# કેશોદ કાયમી રોજગારી મેળવવા આવતાં ગ્રામ્ય વાસીઓને આવ-જા કરવામાં પડતી પરેશાની



કેશોદ:(રાજુભાઈ પંડ્યા) કેશોદ સહિતના તમામ એસટી બસ ડેપોમાં કોરોના મહામારી કાબુમાં લેવા માટે ગત માર્ચ મહિનામાં સરકાર દ્વારા રૂટ બંધ કરી દીધાં હતાં . લોકડાઉન પુરું થયાં બાદ અનલોક-૧,૨,૩,૪ લાગું કરવામાં આવ્યાં બાદ સ્થાનીક એસટી ડેપો નાં અધિકારીઓ દ્વારા ફરીથી રૂટ નિયમિત શરૂ કરવામાં આવેલ છે ત્યારે કેશોદ માતરવાણીયા લોકલ એસટી બસ સવારે સાત વાગ્યે કેશોદ થી ઉપડતી હતી જે આજદિન સુધી શરૂ કરવામાં આવેલ નથી. કેશોદ એસટી ડેપો થી સવારે સાત વાગ્યે ઉપડતી બસમાં કરેણી,અજાબ, શેરગઢ, માતરવાણીયા ગામે થી રોજગારી માટે અપડાઉન કરતાં શ્રમજીવીઓ માટે આર્શીવાદરૂપ હતી અને તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની પરીક્ષા ઓ ચાલી રહી છે ત્યારે વિદ્યાર્થીઓ અને શ્રમજીવીઓ નિર્ભર એસટી તંત્રનાં પાપે હેરાનપરેશાન થઈ રહ્યાં છે. કેશોદ તાલુકાના શેરગઢ ગામનાં આગેવાનો અને વેપારીઓ દ્વારા કેશોદ એસટી ડેપો માં રજુઆતો કરી હોવાં છતાં હકારાત્મક અભિગમ અપનાવ્યો નથી.

કેશોદ એસટી ડેપો દ્વારા ધારાધોરણ કરતાં ઓછી આવક આપતાં રૂટો ચાલું કરવામાં આવેલ છે ત્યારે કેશોદ માતરવાણીયા લોકલ એસટી બસ શરૂ કરવામાં શા કારણે અંચાઈ કરવામાં આવી રહી છે એ ચર્ચાઈ રહ્યું છે. કેશોદ એસટી ડેપો દ્વારા સંખ્યાબંધ રૂટો આવક વધારે આપતાં છે આવાં રૂટને મેટ્રો સીટી ટુ મેટ્રો સીટી કરી ડ્રાઈવર કમ કંડકટર ફાળવણી કરી આવક ઘટાડી છે, અમુક નિયમિત ચાલતાં રૂપોમાં સુપર લોકલ કરીને કે સમયમાં ફેરફાર કરી આવક ઘટાડી છે ત્યારે જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી એકબીજાનાં બચાવમાં આવી રહ્યાં છે અને રાજકીય ઓથ હેઠળ એસટી બસ સેવા નો સોથ બોલાવ્યો છે. કેશોદ એસટી તંત્ર દ્વારા કેશોદ માતરવાણીયા લોકલ બસ પૂર્વવત્ ચાલું કરવામાં નહીં આવે તો આવનારાં દિવસોમાં કરેણી,અજાબ, શેરગઢ, માતરવાણીયા ગ્રામ્ય વિસ્તારના રહીશો દ્વારા આંદોલન શરૂ કરવામાં આવશે તો જવાબદારી કોની રહેશે...

# અરવલ્લી એલસીબી પોલીસે રાજસ્થાનના બાઈક ચોરને ચોરીની બાઈક સાથે જીવણપુર નજીકથી દબોચ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

નવનિયુક્ત ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને અરવલ્લી એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં પ્રોહિબિશનની શખ્ત કાર્યવાહી,ચોરી લૂંટના વણઉકેલ્યા ગુન્હાનોનો ઝડપથી ભેદ ઉકેલાઈ રહ્યો છે અરવલ્લી એલસીબી પોલીસે શામળાજી-જીવણપુર રોડ પરથી ચોરીની બાઈક સાથે પસાર થઈ રહેલા રાજસ્થાનના બાઈકચોર સાગર કાંતિલાલ ગામેતીને ઝડપી પાડી બાઈક ચોરે ચોરેલ ત્રણ બાઈક રિકવર કરી આગળની તપાસ અર્થે મોડાસા રૂરલ પોલીસને સોંપ્યો હતો

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને તેમની ટીમ શામળાજી નજીક પેટ્રોલિંગમાં હતી ત્યારે રાજસ્થાનનો બાઈકચોર મોડાસા તરફ જઈ રહ્યો હોવાની બાતમી મળતા જીવણપુર નજીક ત્રણ રસ્તા પર વોચ ગોઠવી હતી બાતમી આધારિત બાઈક સાથે પસાર થતા સાગર કાંતિલાલ ગામેતી (રહે.કણબઈ,ખેરવાડા-રાજ) ને અટકાવી આગવી ઢબે પુછરપછ કરતા બાઈક ચોરીનું હોવાનું અને અન્ય બે બાઈકની ઉઠાંતરી કરી હોવાનું કબૂલ કરી લેતા બે પલ્સર રિકવર કરી કુલ રૂ.૨૦૦૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# વેરાવળ ના ભરચક અને સાંકડી જગ્યા વાળા રહેણાંક વિસ્તારમાં કોરોના હોસ્પિટલ સામે વિરોધ

વેરાવળ મા નગરપાલિકા ની સામે અમરદીપ મેડિકલ ની બાજુની શેરીમાં એક ખાલી પડેલી જગ્યા મા covid-19 ની હોસ્પિટલ બનવા જઈ રહી છે, જે હોસ્પિટલ ની સામેજ સુંદરમ એપાર્ટમેન્ટ, સુંદરમ એપાર્ટમેન્ટ ૧, તથા જયેશ એપાર્ટમેન્ટ એમ ત્રણ એપાર્ટમેન્ટ આવેલા છે..

એ સિવાય બીજા રહેણાંક તથા અન્ય દવાખાના, ક્લિનિક અને આગળ જતા એક સ્કૂલ પણ આવેલ છે,

જેના કારણે ત્યાંના રહેવાસી લોકો એ આ covid-19 ની હોસ્પિટલ ના બને અને ત્યાં રહેતા લોકોના જીવ ના જોખમાય તેના માટે નીચે મુજબ પગલાં લીધેલા છે..

(૧) ત્યાં રહેતા ૧૫ થી ૧૭ વ્યક્તિઓ ડો. અતુલ ચંગ (md) પાસે રૂબરૂ રજુઆત કરેલ કે આપ શ્રી covid-19 હોસ્પિટલ ને બદલે જનરલ હોસ્પિટલ બનાવો.. પરંતુ તેની સામે ડોક્ટર અતુલ સાહેબ તરફથી તમે લીગલ પ્રોસેસ કરો હું તો covid ની જ હોસ્પિટલ કરીશ આવો જવાબ મળેલો..

(૨) ત્યારબાદ ત્યાંના રહેવાસીઓ એ જિલ્લા ભાજપ પ્રમુખ ને પણ આવેદન આપી અને આ બાબતે રૂબરૂ ચર્ચા કરેલ. તેની સામે હું એ જગ્યા એ બારી દરવાજા બંધ રખાવીશ તમને લોકોને વાંધો ના હોય તો હોસ્પિટલ થવા દો જવાબ મળેલ છે..

જેથી કરી ત્યાંના રહેવાસીઓ એ અલગ અલગ જગ્યા એ આ બાબત ના આવેદન પત્રો આપેલા છે, જેમની યાદી

૧)મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ.૨) આરોગ્ય કમિશ્નર ડો. જયંતિ રવિ મેડમ,૩) જિલ્લા કલેકટર સાહેબ ગિર-સોમનાથ,૪) નાયબ કલેક્ટર સાહેબ,૫) મામલતદાર સાહેબ,૬) ચીફ ઓફિસર સાહેબ,૭) જિલ્લા હેલ્થ ઓફિસર સાહેબ,૮) તાલુકા હેલ્થ ઓફિસર સાહેબ,૯) સાંસદ સભ્ય શ્રી રાજેશભાઈ ચુડાસમા સાહેબ,૧૦) MLA વિમલ ચુડાસમા સાહેબ,૧૧) જિલ્લા ભાજપ પ્રમુખ સાહેબઆ સર્વે જગ્યાએ આવેદન આપેલ છે અને અમારી અરજી યોગ્ય છે કે રહેણાંક વિસ્તારમાં covid-19 ની હોસ્પિટલ ને પરવાનગી ના મળવી જોઈએ..

Covid-19 ની હોસ્પિટલ માટે વેરાવળ બાયપાસ ઉપર ઘણી હોટલો બંધ છે તો તે ભાડે રાખી અને covid-19 ની હોસ્પિટલ થઈ શકે છે..

જેથી વેરાવળ ગામ મા રહેતા દરેક નાગરિક ને સંક્રમણ ઓછું થાય..

વેરાવળ ની જનતા તથા ભારત ના દરેક નાગરિક ને અપીલ છે કે અમે ઉઠાવેલ આ વિરોધ જો યોગ્ય હોય તો દરેક સોશિયલ મિડિયા મા વાયરલ કરો અને પ્રધાનમંત્રી તથા સ્વાસ્થય મંત્રી સુધી પહોંચતા કરો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK